

# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૬, અંક : ૨, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ ફાગણ સુદ – ૪, શનિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦




નડિયાદ 'પ્રસાદરજ' તીર્થધામે પાટોત્સવની મહાપૂજા...




બ્ર.સ્વ.શાસ્ત્રીજી મહારાજ જયંતી, શિક્ષાપત્રી પ્રાગટ્યદિન અને
બ્ર.સ્વ.યોગીજી મહારાજ નિર્વાણદિને પ્રાર્થના...








# ગુણાતીત જ્યોત

જાણરૂપ દરવાજામાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'...જેને પ્રગટ ભગવાન મળ્યા હોય તેને તો જેમ ભગવાન રાજી હોય તેમ જ કરવું એ ઠીક છે;... ને જ્યારે ભગવાન પરોક્ષ હોય ને આપત્કાળ પડે ને કાંઈ ન રહે ત્યારે તો ભગવાનનું એક અખંડ ચિંતવન કરવું તો એ ભગવાનના માર્ગ થકી પડે નહીં...' (વચ.ગ.મ. ૪)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

ઉપાસના ને આજ્ઞા બે રાખવાં. તે ઉપાસનામાં તથા ધ્યાનમાં નિશ્ચય છે ને આજ્ઞામાં બ્રહ્મરૂપ માનવું. એટલે મૂળ અજ્ઞાન જે કારણ દેહ તેનો નાશ થાય છે. ને આવું સત્યુગમાં પણ કોઈએ કર્યું નથી.

(સ્વામીની વાતુ પ્રક.૫ની ૧૫૯મી વાત)




### દિવ્યામૃત

એકાંતિકની આજ્ઞાએ કરીને બેસી રહીશું તો સુખી થઈશું ને મનમુખી ગઢ ઉથામી કાઢીશું તો ય સુખ નહીં આવે.

(તા.૨૨.૧.૧૯૫૭)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૩ | સંત ભગવંત પ.પૂ.સાહેબજીના પ્રાગટ્યદિને... | ૧૦ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ... | ૪ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૧૧ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજની પરાવાણી... | ૫ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૧૩ |
| વચનામૃત ગ.અં.૨૬નું નિરૂપણ... | ૬ | પરમની આરાધના... | ૧૪ |
| શ્રી ભગતજી મહારાજના પ્રાગટ્યદિને... | ૯ | સત્સંગ સમાચાર... | ૧૫ થી... |



સ્વામીશ્રીજી ૧૫ ૨/૯૨

મહારાજનો સાક્ષાત્કાર

ઇષ્ટ પ્રફુલ્લ પુરુષ સ્તુતિના –
લૌકિક અલૌકિક પ્રસંગોમાં દર્શાવેલા
દોષ = મનપણું છોડાવવાના
તેનો વિચાર જ મનમાં રહેવા દેવા
દેવા – કેવળ મહારાજના અતિ
સંબંધવાળાને ભગવાન મહારાજનું
સ્વરૂપ માની તે રાજી થાય તેવા
તેમ સેવા કરશે

બુદ્ધિ જે હૈયું દાન કરે
સમર્પણમાં બાધ રાખે માટે તેને
૦ ભક્તો સંકલ્પ સ્વરૂપ
માની સેવા કરી લઈએ

પપ્પા



## પપ્પાજીની પરાવાણી...

ભગવાન સાથે ૨૪ કલાક વાતો કરતા થઈ જઈએ. આપણે હરિ ઢૂંકડા કરવા જ છે. હરિ ઢૂંકડા કેવી રીતે થાય ? તો આપણું હું ટળે તો હરિ ઢૂંકડા થાય. આપણે ક્રિયાને નથી ટાળવાની પણ હું ને ટાળવાનું છે. હું કે અહંકાર શી રીતે ટળે ? તો ગુરુ પાસે બે હાથ જોડી કહે એમ કર્યા કરીએ. દેહભાવ ગણ્યા વિના મહિમાથી સેવા કર્યા કરીએ. તો અહંકાર ટળી જાય. ગુરુનો ક્યારેય મનુષ્યભાવ ના લેવો. તે જે કરે છે તે મારા સારા માટે કરે છે એમ ગુણ લઈએ તો આપણો દેહભાવ, અહમ્‌ભાવ ઓગળતો જશે. આપણે હું ને મારું ટાળવા સત્સંગ કરીએ છીએ. સાધના કરીએ છીએ. સાધુનો સમાગમ રાખવો જેથી તે આપણને સાચો રસ્તો બતાવશે. ચોવીસ કલાક પ્રભુનું મનન, ચિંતવન કર્યા કરીએ, ગુણગાન ગાયા કરીએ. આવું અખંડ વર્તવું એ મરજીવાનો મારગ છે. પ્રભુના અને તેના ભક્તોના ગુણગાન ગાવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય.

ગોપીઓને અખંડ શ્રી કૃષ્ણનું ચિંતવન હતું. જ્યાં જાય ત્યાં 'કાન લ્યો, કાન લ્યો...' 'ભગવાન ગોકુળમાં છે, ગાયો ચરાવે છે...' વગેરે વાતો કરવા મંડી પડે. નીકળી હોય દૂધ વેચવા ને આમ શ્રી કૃષ્ણની વાતો કરવામાં મશગુલ બની જતી. પછી ઘરે આવે ત્યારે ઠપકો મળે કે ના મળે. આટલી વાર લાગી તો ક્યાં ગયા'તા? એ ખમે ને અબેતબે ના કરે એ મરજીવાનો માર્ગ જ કહેવાય ને ! દાસના દાસ થઈ જઈએ, રજના રજ થઈ જઈએ. નાનામાં નાના થઈને વર્તીએ તો આપોઆપ સુખ આવે જ. પણ એમ થાય કે મારે જ આમ કરવાનું? ખમવાનું? તો તે દેહભાવ જ છે. તે આવા સમયે સ્મિત થાય તો આપણે દેહભાવથી પર ગયા. આપણું બ્રહ્મતનું થઈ ગયું. આપણે આ લઈ મંડ્યા છીએ કે દેહભાવથી પર થવું જ છે. આ માટે ગુરુહરિ અને ગુરુ કહે તેમ કરી લઈએ તો બ્રહ્મતનુ થઈ જાય. બ્રહ્મરૂપ થયા ના હોઈએ ને જ્ઞાન કરીએ એ મહાઅજ્ઞાની જ છે. આપણે દાસ કોના થવાનું ?

તો ગુરુહરિ અને ગુરુના. દાસ કેમ થવાનું ? તો તેમના જેવું સુખ લેવા માટે. આપણે દાસભાવે જીવીશું તો પ્રભુ આપણા દાસ બની જશે ને આપણે જે શુભ, સત્ય સંકલ્પ કરીશું તે પૂરા કરશે. આપણે પ્રાર્થના કરીએ ને તરત જ ભગવાન જવાબ આપી દે. આપણી મૂંઝવણ ટાળી દે. એ ભગવાન દાસ બન્યા કહેવાય.

આપણે મહારાજના, ગુરુહરિ અને ગુરુના ભરોસાપાત્ર બનવું છે. ભરોસાપાત્ર ક્યારે બનાય ?

તો અખંડ નિર્દોષબુદ્ધિ રાખીને હરેક ક્રિયામાં પ્રભુને કર્તાહર્તા માનીને જીવીએ. ગુણાતીતભાવમાં રહીએ તો ભરોસાપાત્ર બનાય. પ્રસંગે બીજા ત્રીજા ઉપાય લીધા વગર એક પ્રભુ તરફ દ્રષ્ટિ રાખી પ્રાર્થના, ભજન કર્યા કરીશું તો ભરોસાપાત્ર બની જઈશું. પછી તેમની પ્રસન્નતા આફુરડી વરસતી જ રહેશે. ને અક્ષરધામનું સુખ અખંડ આવ્યા કરશે. બસ આવું સુખ આબાલવૃદ્ધ સૌ અનુભવતા થઈ જાય એ જ પ્રાર્થના ને આશીર્વાદ. (તા.૮.૨.૧૯૮૫)

પ.પૂ.દીદીનો આદેશ...
સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે...




# વચનામૃત ગ.અં.૨૭ : મન–ઈંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું...

## ગુરુહરિ પપ્પાજી મહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

અખંડ તેલધારા વૃત્તિ ભગવાનમાં રહેતી હોય, પળેપળ આપણા આખા બ્રહ્માંડમાં, રુંવાડે રુંવાડામાં એવું અનુસંધાન રહે ત્યારે વીજળી જેવા સંત થવાય.

**'અને એમ સમજે જે હું એ ધર્મને પાળીશ તો મારી ઉપર ભગવાન બહુ રાજી થશે...'**

ભગવાનની પ્રસન્નતારૂપી મોટી મૂડી આપણને મળવાની છે. ભલેને દુનિયાને લાગે કે ભીડો છે. પણ અક્ષરધામનું અફાટ સુખ આવતું જાય. ભગવાનની પ્રસન્નતા અંદર જ મળ્યા કરે. અંતર ટાઢું ને શુભ સંકલ્પ ચોવીસ કલાક રહ્યા કરે. બધું લીલાના ભાગરૂપ દેખાઈ જશે. સાકાર બ્રહ્મની રમત દેખાઈ જશે ને મનાઈ જશે. આવું થાય ત્યારે પૂર્ણાહુતિ કહેવાય.

આપણે બધા દ્રષ્ટાવાળા ભેગા થયા છીએ. સર્વોપરી સ્થિતિ કરવી છે. ચોવીસ કલાક એના સંબંધવાળામાં લીલા મનાયેલી ન રહે ત્યાં સુધી તો પોતે ભજન જ કરવાનું. પહેલાં ભજન કરીને તટસ્થ થઈ જાવ. નહીંતર ત્યાં સુધી સ્ટોપ ધ એન્જીન.

**'ને જો મને કોઈ રીતે ધર્મમાંથી કાંઈક ભંગ પડશે તો ભગવાનનો મારી ઉપર કુરાજીપો થશે.'**

કુરાજીપો શું કે આપણી અક્ષરધામની સમાધિ જતી રહે. સુખ જતું રહે તે.

કુરાજીપો એટલે સુખમાં ખામી આવી જાય તે.

એટલે અક્ષરધામની સમાધિમાં રહ્યા થકા જે થાય તે કરવું છે. બસ એમની પ્રસન્નાર્થે એમના થઈને જીવવું છે. થનારી હોય તે થાય તો કોઈ દિવસ સ્વધર્મમાંથી ચલિત ના થવાય. ને કોઈપણ પ્રકારના માયિક પદાર્થ બંધનરૂપ ના થાય.

મહારાજે સમજણને અધિક કહી દીધી. જ્ઞાન છે એ બૌદ્ધિક છે, સમજણ એ વર્તન છે. સમજણ હોય તો જ્ઞાન વર્તનમાં આવે ને અંદરનો કૂવો ફૂટી જાય. એટલે સમજણ એ ઉત્તમ ચીજ છે.

સમજણ શું ?

વિષયના ઢગલાં થતાં હોય પણ વિષયમાં લેવાય નહીં અને ભક્તિરૂપ હોય એટલું જ ગ્રહણ કરે કે માર માર કરતો કોઈ આવતો હોય તો ય ધાર્યું ધણીનું થાય છે એમ માની અંદરથી મહારાજનું બળ રહે. સ્વધર્મનિષ્ઠ રહે. અભાવ લે નહીં. ભગવાનનો થઈને જીવન જીવતો હોય. પળેપળ એના થઈને જીવવું એ જ સાધના. અને એ જ સિદ્ધદશા. એવું જીવે પછી માયિક પદાર્થ કેવી રીતે બંધન કરે ? અક્ષરધામની સમાધિ જાય જ નહીં ને ! એટલે સમજણને ઉત્તમ કહી.

**'પછી શ્રીજીમહારાજે કૃપા કરીને વાર્તા કરી કે, અમને અહંકાર ન ગમે. તે અહંકાર ભક્તિપણાનો**

**હોય, ત્યાગપણાનો હોય, વર્તમાન પાળ્યાનો હોય. એ રીતનો જે જે અહંકાર તે અમને ન ગમે.'**

મહારાજે શું કહ્યું ? કોઈપણ પ્રકારનો અહંકાર ના ગમે. એટલે આપણે જીવીએ ત્યાં સુધી દાસત્વભક્તિ મૂકવી જ નહીં. હું તો તારો દાસ છું. રાંક થઈને રહેવું. બસ પ્રભુ પાસે ભૂલકું બની જઈએ. વફાદાર રહીએ.

**ભક્તિપણાનો અહંકાર** - આપણને થાય કે આવા મોટા ભગત થયા તો પદાર્થમાં શું કામ બંધાતો હશે ? આપણે ભક્તિ કરતાં હોઈએ, કોઈ પૂજાપાઠ, ભજન ના કરે ત્યાં થાય કે આ સત્સંગી થઈને, સાધુ થઈને પૂજાપાઠ નથી કરતો. તિરસ્કાર કરીએ, અભાવ લઈએ એવું થાય એ પણ મહારાજને ગમતું નથી. કંઈ નહીં. અરે ભઈ ! આજે નહીં તો કાલે કરશે. તું તારે પ્રભુમાં મન રાખ ને !

**ત્યાગપણાનો અહંકાર** - આપણને બીજા માટે આવો ને તેવો એમ અભિપ્રાય હોય... આપણે બધું છોડી દીધું હોય ને કોઈ ચીજવસ્તુ કે સ્વભાવ ના ત્યાગી શકે, ત્યાં ટીકા ના કરવી. રોકટોક કરીએ, ઉતારી પાડીએ એ ગુણાતીત સંત થવાનું લક્ષણ નથી. જ્યાં સુધી વીજળી જેવા સંત ના થઈએ ત્યાં સુધી કોઈનીય આધ્યાત્મિક્તા માપવી જ નહીં. સુહૃદ પ્રાર્થના કરીએ પણ ગર્વ રાખી અભિપ્રાય ના બાંધીએ. સુહૃદ પ્રાર્થના એ આપણે પ્રભુના થઈને જીવ્યા. ને સ્વરહિત વર્ત્યા કહેવાઈએ.

**વૈરાગ્યપણાનો અહંકાર** - વર્તમાન પાળ્યામાં બીજાનો અભાવ લઈએ એ અહંકાર જ છે. સ્વધર્મ ચૂકીએ એ પણ અહંકાર છે. ભાવફેર થાય તે પણ અહંકાર જ છે. ત્યાં મહારાજ તરફ દ્રષ્ટિ રાખીએ. આપણને કોઈનું જોવાની કે અભાવ લેવાની ગાદી સોંપી છે ? નથી સોંપી. એવું માની પાછા મૂર્તિરૂપી માળામાં આવી જઈએ. તો અહંકાર નથી. મહારાજને ગર્વ નથી ગમતો. આપણી પાસે ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ વગેરે ગુણ છે તેનાથી થાય તો સેવા કરો પણ અસેવા ના કરશો. મહારાજ કહે હું સમર્થ બેઠો છું. કોઈપણ રીતે અકળાવીને, મૂંઝવીને આગળ લઈ જઈશ. તમે માથાકૂટમાં ના પડશો.

મહારાજ આગળ કહે છે કે અમને દંભ કરે તે ના ગમે.

**દંભ શું ?** તો અંતરમાં માનતા ના હોઈએ ને આપણે ગાણા ગાઈએ કે મને મળ્યા છે એ સર્વોપરી છે, કર્તા, સાકાર છે. ને અંદરમાં થતું હોય કે સ્વામી તમે આ શું કર્યું ? આવું શું કામ કરો છો ? એમ ભાવફેર થતો હોય ને બોલીએ જુઠું. એટલે જેવું અંતરમાં હોય તેવું કહે. માણસ જેવા લાગે તો તેમ કહે. દેવ જેવા લાગે તો તેમ કહે. તો પાર આવે.

વિચાર, વાણી, વર્તન એક ના હોય તે દંભ કહેવાય. પોતાનામાં કંઈ હોય નહીં ને મોટી મોટી વાતો કરી પોતાની મોટપ બતાવીએ ત્યાં મહારાજ કહે એવો દંભ અમને ગમતો નથી.

**અભેદપણે ભજે તે ન ગમે.** ભગવાનને જે અભેદપણે ભજે તેમાં મહારાજ કહે છે કે તે અમને ગમતું નથી. ઉદા. કોઈક સારી રસોઈ બનાવી ને તે ભાવથી ગુરુ ગ્રહણ કરે ત્યારે થાય કે આપણી જેમ એમને ય સ્વાદ છે. એ અભેદપણું કહેવાય. આપણે આપણા જેવા જ માન્યા. પણ કોઈ જીવના રૂડા માટે ગ્રહણ કરે છે. એમ માનીએ તે ભેદ કહેવાય. તેમની ક્રિયામાં દિવ્યભાવ રહેતો ના હોય તો અભેદપણું કહેવાય.

આગળ મહારાજ કહે છે કે **નિયમ લીધો હોય તે ઘડીક પાળે ને ઘડીકમાં મૂકી દે એ અમને ના ગમે.**

ટેક ન મેલે રે તે મર્દ ખરા જગમાંહી
ત્રિવિધ તાપે રે જેનું અંતર ડોલે નાહી
નિધડક વર્તે રે દ્રઢ ધીરજ મનમાં ધારી

એવી ટેક રાખીને જીવે કે હું પ્રભુનો છું. ગુરુનો છું ને મારે એના થઈને જ જીવવું છે, રહેવું છે. કોઈ કહે કે, તને બ્રહ્માંડનું રાજ આપું. તો કહી દઈએ કે ભઈ, તમે તમારી પાસે રાખો. એમ જે ટેક લીધી તેમાં વિઘ્ન આવે તોય ચલાયમાન ના થઈએ. લીધા નિયમ પાળીએ. નિયમ મૂકવા નહીં.પોતાને તુચ્છ પણ ના સમજવા કે હું પાપી છું, અધમ છું, મારાથી આ નહીં થાય એવું ના વિચારવું.

મહારાજે ગ્રહણ કર્યા છે તે બધું સારું જ કરવાના છે. તેમનો સંબંધ થયો એ જ આપણા પુણ્ય. દેહથી જુદો જે આત્મા છે તે રૂપ પોતાને ન માને તે ના ગમે. આત્માને બ્રહ્મરૂપ સમજીએ.

આ બધું મહારાજે જે નથી ગમતું તે કહ્યું. એ વીજળી જેવા સંત થવામાં ખામી લાવીને મૂકી દેશે. તેથી તેનાથી સાવધ રહેવું છે. હું ગુણાતીત છું. દેહમાં કોક ભાગ એવો હોય જે કચૂર કચૂર કરાવે છે. ૫૧ ભૂતમાંથી એ ભાગ ખેંચી જાય. જુદા ના પડાય ત્યાં મહારાજને સંભારીને બળ લેવું.

ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય પછી કોઈમાં ધર્મ, જ્ઞાન, ભક્તિમાં ઓછપ હોય તો પણ – 'એ બહુ મોટા છે. અહોહો ! કેવા ભગવાન ભજે છે !' તેવો તેમના તરફ પૂજ્યભાવ રહે, પ્રભુની દ્રષ્ટિ રહે, ને અતિશય મહિમા સમજીએ તો આપણે પ્રભુને ગમતા થઈ જઈએ.

પોતાની સમજણની વાતો પોતાના મોંઢે કદીય કરે નહીં એવા મહારાજને ગમે છે. ખબર પડે કે આ પંચ વિષયમાં લેવાઈ જાય છે પણ તમે આમ કરો, આમ ના કરો એમ પોતાનો અભિપ્રાય ના આપે તેવા મહારાજને ગમે.

છૂપાવવું તે ઉત્તમ.
હોય તેટલું દેખાડે તે મધ્યમ.
અને ના હોય ને દેખાડે તે કનિષ્ઠ.

સામાનું પરિવર્તન ધીરજ રાખીને, તેનામાં ઊગે તેવો પ્રાર્થનાથી પ્રયત્ન કરીશું તો ધીમે ધીમે એ પંચ વિષયથી પર થશે. ને મણિ જેવો થઈ જશે. રોકટોક કરીએ તો લાજે શરમે પરાણે તે બહારથી વર્તે પણ કાયમી નિર્મૂળ ના થાય. તે નિર્મૂળ કરવા માટે આપણે એમના જેવા થઈને જીવવું પડે. એટલી કક્ષાએ નીચે આવીએ ને સાથે પ્રાર્થના કરીએ. એટલે સામાને અસર થાય જ.

આપણી પ્રભુ સાથેની સમાધિ હોય. ને બહારથી રમાડવું, જમાડવું, ખાવું-પીવું વગેરે ભીડો જ હોય પણ પ્રભુની ભક્તિ થાય છે ને ! એમ તેમનું સતત અનુસંધાન ભગવાન તરફ હોય છે. આ બધા મોટા મોટા એકાંતિકો છે એમને બધાનું બધું દેખાય. એ દેખાયેલું ઢાંકી, કહ્યા વગર, દેખાડ્યા વગર એના જેવા થઈને વર્તે છે. કેટલો જબરજસ્ત ભીડો !

એક વખત મહારાજ હરિભક્તોને કહે, 'અમારા પર રાજી રહેજો.' તો બધા હરિભક્તોને થયું કે મહારાજ આવું કેમ બોલ્યા હશે ? પછી એક હરિભક્તે પૂછયું કે, 'મહારાજ ! તમારે રાજી રહેવાનું કે અમારે રાજી રહેવાનું ?' તો મહારાજ કહે, 'વાત એમ છે કે આ હું છેક અક્ષરધામમાંથી પ્રકૃતિ-પુરુષ, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ, બદ્રિકાશ્રમ એ અનંત ધામો મૂકીને તમારા લોકમાં તમારા ભેગો આવ્યો ને રહ્યો. તો મારા દાખડા સામે તો જુઓ. હવે તમે રાજી રહીને જરા હું કહું એમ કરો. એમ તમને રાજી રહેવાનું કહું છું કે રાજી રહેજો.'

કહેવાનું શું કે, મહારાજે કૃપા કરીને સદાય પૃથ્વી પર અખંડ રહેવાના આશિષ આપ્યા છે. તો આપણને અત્યારે એવા ગુણાતીતભાવમાં વિચરતાં વીજળી જેવા સ્વરૂપો મળ્યા છે. તેમને સેવી લઈએ. તે જેમ કહે તેમ કરી લઈએ. તો આપણે પણ તેમના જેવા સુખિયા થઈ જઈએ.

મહારાજને શું ગમે છે ને શું નથી ગમતું ? શું વિઘ્ન છે ? એ બધી વાત આ વચનામૃતમાં કહી દીધી છે. આપણું ધ્યેય છે વીજળી જેવા સંત થવાનું. તો પળેપળ જાગ્રત રહીને પ્રભુની ભક્તિ હોય તેમ વર્તીએ. મનમુખી સંકલ્પો પકડીએ ને તેનાથી પર થઈ જઈએ.

આપણી સાધનામાં અવરોધરૂપ હોય તો અહંકાર છે. મહારાજને તો ત્યાગનો, ભક્તિનોય અહંકાર ગમતો નથી. તો નાની નાની વાતે ગુસ્સે થઈ જઈએ, ચઢ્યું ચઢ્યું બોલીએ એ મહારાજને ક્યાંથી ગમે ? એટલે આપણે પળેપળ જાગ્રત રહીને મહારાજે કહ્યું તેમ વર્તવા પ્રયત્ન કરીએ.

સૌ કોઈ વહેલામાં વહેલી તકે વચ. છેલ્લા ૩૫માંથી વચ. છે. ૨૬માં જતાં રહો ને મહારાજની પરાભક્તિ કરતાં થઈ જાવ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

સહજાનંદસ્વામીમહારાજની જય.

ઈતિ વચનામૃત ॥ ગ.અં.૨૬ ॥



## બ્ર.સ્વ.ભગતજી મહારાજના પ્રાગટ્યદિને...

ભગવાન શ્રી સ્વામિનારાયણના રહસ્યને શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી પાસેથી સમજી અક્ષરરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસનાના સિદ્ધાંતનું પ્રવર્તન, અનેક માન-અપમાનો સહન કરીને વિમુખ કર્યા તો પણ પીછેહઠ કર્યા વિના, આ પ્રવર્તન કાર્ય ચાલુ રાખ્યું. એવા શ્રી ભગતજી મહારાજની પરાવાણીનું મનન કરીએ.

શ્રી ભગતજી મહારાજ ભારપૂર્વક કહેતાં કે, શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૧૧૬માં શ્લોકમાં જે આજ્ઞા કરી છે કે, બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાશે નહીં. કારણ આ મહારાજનો મત છે. માટે જ્યાં સુધી બ્રહ્મરૂપ નહીં થવાય ત્યાં સુધી મહારાજની મૂર્તિનું સુખ નહીં આવે...

બ્રહ્મરૂપ કેમ થવું ? તે ઉપાય બતાવતાં શ્રી ભગતજી મહારાજ કહે છે કે, ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહીં. આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તો પણ એ આત્માનું દર્શન થાય નહીં.

એ ક્યારે થાય ? જ્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે અને મહારાજના વચનમાં વિશ્વાસ લાવીને તે પ્રમાણે વર્તે, ત્યારે આત્મદર્શન થાય. વળી, ભગવાનનું ધ્યાન પણ બ્રહ્મરૂપ થયા વિના થાતું નથી. જ્યાં સુધી દેહાત્મભાવ હોય ત્યાં સુધી ભગવાન દેખાય જ નહીં. કારણ કે ભગવાન કેવા છે તો તે ચિત્તના ચિંતવનમાં આવે એવા નથી. મનના સંકલ્પમાં આવે એવા નથી. બુદ્ધિના નિશ્ચયમાં આવે એવા નથી. અહંકાર કરીને અહંપણું ધરાય એવા પણ નથી. આ બધા માયિકભાવ છે તેનાથી પર થઈએ તો જ બ્રહ્મરૂપ થવાય. માટે આપણા ઈષ્ટદેવ જે શ્રીજી મહારાજ તેમના અખંડ સંબંધેસહિત જે ભગવત્‌સ્વરૂપ સત્પુરુષને વિષે પ્રીતિ થશે ત્યારે આત્મદર્શન થશે અને ભગવાનનાં પણ દર્શન થશે.

ભગવાનનું ને સંતનું સ્વરૂપ યથાર્થ સમજવું. માટે એકાંતિક સાધુ સાથે જીવ જોડીને વાતો સાંભળવાથી ધીરે ધીરે અંતરમાંથી માયા ટળશે. માટે આપણે અક્ષર સાથે એકતા કરવી છે. અક્ષર સાથે એકતા એ મુકામ. ને ભગવાનની મૂર્તિ એ નિશાન. જો મુકામમાં પગ સ્થિર હોય તો જ નિશાન પાર પડે. પ્રકૃતિ પુરુષથી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને સત્ય જાણવું ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને અને તેને વિષે પરબ્રહ્મની મૂર્તિની ઉપાસના કરે એ મુકામને પામ્યા કહેવાય.

માટે નિરંતર સાધુનો સમાગમ રાખવો. સત્‌શાસ્ત્રનો અભ્યાસ રાખવો. શિક્ષાપત્રી પ્રમાણે વર્તે તો એકાંતિક સ્થિતિને પામી જવાય. લોક, ભોગ, દેહ ને પક્ષ મૂકી ભગવાનમાં જોડાવવાથી એકાંતિક સ્થિતિને પામી જવાય.

શ્રી ભગતજી મહારાજે બ્રહ્મરૂપ થવાની, એકાંતિક સ્થિતિ પામવાની રીત બતાવી તે પ્રમાણે જીવવાં પ્રયત્ન કરી આપણે ગુરુહરિ પપ્પાજી મહારાજનો એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાનો સંકલ્પ પૂરો કરીએ એવું વર્તવાનું ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સૌ સ્વરૂપો બળ આપે એ જ પ્રાર્થના.



## સંત ભગવંત પ.પૂ.સાહેબદાદાના પ્રાગટ્યદિને...

અક્ષરપુરૂષોત્તમનું સ્વરૂપ સંત ભગવંત સાહેબદાદા પોતાના સંકલ્પ-દ્રષ્ટિથી અનેક મુક્તોના જીવભાવ ટાળી, બ્રહ્મભાવથી ભરી અક્ષરધામના સુખે સુખિયા બનાવી રહ્યાં છે. એવા સંત ભગવંત સાહેબદાદાની પરાવાણીના બુંદનું મનન-ચિંતન કરીએ.

★ ભક્તોની સેવા ભક્તને રાજી કરવા નહીં પણ ભગવાનને રાજી કરવા કરવાની છે. ભક્તની સેવા પ્રભુના ભાવથી કરવાથી ભગવાન અંતરથી પ્રસન્ન થાય છે. અંતરથી ભગવાન જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે આપણા દેહનો ભાવ ઓગાળી દે છે.

★ આપણે ભગવાનના ભક્તો છીએ, જગતમાં રહીએ છીએ, વ્યવહાર કરીએ છીએ પણ આપણને એક ભગવાનનું જ વળગણ હશે તો સંસારમાં ગમે તેટલા ગળાડૂબ હોઈશું તોય સંસાર દુઃખી કરવાને સમર્થ નહીં થાય. સંસારમાં રહ્યા છતાં અખંડ આનંદ, અખંડ સુખ ભોગવવું હોય તો ભગવાનના થઈને જીવીએ. પ્રભુને આગળ રાખીને જીવીએ. ભગવાન, તમે કહો તેમ મારે કરવું છે. તેમ જીવનનું સુકાન ભગવાનને સોંપી દઈશું તો કોઈ કામ બંધનરૂપ નહીં થાય.

★ આશ્રિત ભક્તોની રક્ષામાં ભગવાન કાયમ છે. જો આપણે હાક મારીએ તો ભગવાન પ્રતીતિ કરાવે જ. ને તેમના આશરાથી જન્મ-મરણના ચકરાવામાંથી જીવને મુક્તિ મળે છે. અજ્ઞાનરૂપ આપણો અંધકાર ટળી જાય ને આત્માનું કલ્યાણ થઈ જાય.

★ આપણે દોષરહિત, અહંકારરહિત થવું હોય, પરમ શાંતિ, પરમ આનંદ, પરમ સુખના ભોક્તા થવું હોય તો પ્રથમ – ગુરુને નિર્દોષ માનો. બીજું – તેમની આજ્ઞા બે હાથ જોડીને પાળો. ત્રીજું – એમના સંબંધવાળા સૌ પ્રભુના સ્વરૂપો છે એવો મહિમા સમજીશું તો ગુણાતીતભાવને પામી જવાશે.

★ આપણે ગૃહી હોઈએ કે ત્યાગી પણ પળેપળે ભગવાનને રાખીને, ભગવાનની પ્રસન્નતા અર્થે દરેક ક્રિયા કરવી છે. આવો નિર્ણય જો કરીએ તો આપણું આખું તંત્ર દિવ્ય થઈ જાય.

★ જે ભગવાન સાથે બંધાય તેને કોઈ ચીજ, વસ્તુ, પદાર્થ, સ્થાન દુઃખી નહીં કરી શકે. અખંડ આનંદમાં સહજ રહેવાશે.

★ ભગવાનનો આશરો, ભગવાનનું બળ, ભગવાનનું ભજન અને સેવા એ આપણા આત્માની જરૂરિયાત છે. એ આપણા જીવનમાં હશે તો આત્મા એવો પાવરફુલ થશે કે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ સમતા રહેશે. આનંદ રહેશે. શાંતિ રહેશે.

★ આપણા દેહને ભગવાનની સેવામાં વાપરવાથી ઉજળો થશે. ધનને ભગવાનની સેવામાં વાપરવાથી શુદ્ધ થશે. મનથી મહિમામાં રહેવાથી મન પવિત્ર બનશે. મારા-તારાના ભાવ જતાં રહેશે ને અંતરે શાંતિ અનુભવાશે.

આમ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવાનું સુગમ બને તેવો માર્ગ સંત ભગવંત સાહેબદાદાએ બતાવ્યો તે જીવનમાં અપનાવી સુખિયા થઈએ તેવી સૌ સ્વરૂપોને પ્રાર્થના.

## શાશ્વત સંકલ્પ પર્વ...

ખરેખર કોને અને શા માટે 'શાશ્વત'નું બિરૂદ જ્ઞાન, વિજ્ઞાન અને ધર્મના ક્ષેત્રમાં આપ્યું છે તેનો લાંબો વિચાર મનમાં ઉઠ્યા જ કરે છે. કહેવાય છે બધું જ વિનાશ પામે છે. જે જન્મ્યુ તેનું મૃત્યુ નિશ્ચિત છે. તે 'જન્મ' એટલે એમાં બધું જ સમાઈ જાય છે. જ્યારે જ્યારે બ્રહ્માંડમાં અનેક પ્રકારના સર્જન અને વિનાશના આયોજનો થયા કર્યા છે ત્યારે ત્યારે એનો કર્તા કોણ ? એનો હર્તા કોણ?

અનંત કોટિ બ્રહ્માંડ જેના અણુ સમા રોમ રોમના છિદ્રમાં સમાયો છે તે પરમ તત્વ પોતાની અલૌકિક પારલૌકિક શક્તિ ધારાથી સર્વત્ર પ્રગટીને સર્જન કરે છે. અને પ્રલય પણ કરે છે. તે શાશ્વત તત્વ સિવાય અન્ય સર્વ કાંઈ શૂન્ય ભેળુ શૂન્ય બની જાય છે. પંચમહાભૂત તત્વ વિશે પણ અનેક પ્રકારની ચર્ચા વિચારણાઓ ચાલે છે. પ્રશ્ન છે કે એને શું આપણે 'શાશ્વતી'નું બિરૂદ આપી શકીશું ? આ પૃથ્વી જ એક રજ સમાન છે, સમગ્ર બ્રહ્માંડમાં તો એની કોઈ ગણતી પણ નથી.

**૧. જળ :** જડ-ચેતન સર્વમાં વ્યાપીને રહેલું છે. જળના અનેક રૂપાંતરો થાય. ઠંડીમાં આકાર પામીને બરફ બને છે. ગરમીમાં વરાળ બનીને વાદળ બને છે. જીવંત સર્વ જીવોના એક એક રોમમાં ૭૦-૮૦% જેટલું આ જળ વ્યાપ્ત છે. પણ જ્યારે એ બ્રહ્માગ્નિમાં સમાય છે ત્યારે બધાનું નિયમન કરનાર શાશ્વત પરમાત્મા જ વાયુનું રૂપ ધારણ કરે છે.

**૨. વાયુ :** વાયુ માત્ર જ જીવંત જીવોનો આધાર છે, પ્રાણ છે. તેમાં વળી ઓક્સીજન વિના તો કોઈ જ જીવીત શક્તિનું, વસ્તુનું અસ્તિત્વ રહેતું જ નથી. તે ધૂળ ભેગું ધૂળ બની રહે છે. વૃત્તિઓ જ્યારે ધૂળ સમાન મનાઈ જાય ત્યારે સાધના પૂર્ણ થાય.

**૩. ધરા :** કહેવાય છે સૂર્યના એક ગોળામાંથી આ નાનકડી પૃથ્વીનું સર્જન થયું ને ધરાનું અસ્તિત્વ આવ્યું. પણ પ્રલય ટાણે આ ધરા પણ બ્રહ્માગ્નિમાં, જ્વાળામુખીમાં હોમાઈ જાય છે. ને તે મૂળ વૃત્તિનો વિલોપ થાય છે ગુણાતીતભાવ ધરામાં પ્રગટે છે.

**૪. આકાશ :** સમગ્ર બ્રહ્માંડ જે આપણે આજે વિજ્ઞાન, દૂરબીનથી જોઈ રહ્યા છીએ તે આકાશમાં અદ્ભુત રીતે સમાયેલું છે. આકાશ તો આપણા નાનામાં નાના કણમાં પણ રહેલું છે. ને નાના જડ રજકણોમાં પણ તે સમાયેલું છે. તેનો વિનાશ ક્યારેય શક્ય નથી. હા. સર્જન થયું. સર્જન કરનાર શાશ્વત તત્વ અને તે બધાનો મૂળ શક્તિ સ્રોત તે ચિદાકાશ, ગુણાતીતભાવ.

**૫. તેજ :** સૂર્યદેવ તો અનંત છે. સર્વ બ્રહ્માંડમાં અનેક નાના મોટા શક્તિધોધ રૂપે પ્રગટેલા જ રહ્યા છે. અનંત પ્રકાશવર્ષની દૂરી હોવાથી તે તેજ પ્રકાશ પામી શકતા નથી. પણ તે જેનામાં જળ, વાયુ, ધરા, આકાશ સંપૂર્ણ સમાયેલા છે તેવા માનવરૂપ ચેતનાને ગુણાતીત અક્ષરરૂપ અનુભવાય છે. અને તે પંચમહાભૂતના ધારક પ્રેરક અને સર્જક બનીને સમગ્રનું નિયમન કરીને આખા બ્રહ્માંડને સચેતન કરે છે. પ્રકાશરૂપે વ્યાપ્ત છે.

જે જાગ્રત જીવો છે તેના આત્માને સંસ્પર્શ કરીને જગાડે છે. જાગતાને આત્માની અનુભૂતિના અનુભવમાં ગુણાતીત સાધુ બનવાની અભીપ્સા ઉદય કરાવે છે. અને **વચ.લોયા ૧૨ પ્રમાણે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા મહામુક્ત** જે વચનામૃતમાં લખ્યા પ્રમાણે અષ્ટાવરણે યુક્ત એવા જે કોટિ કોટિ બ્રહ્માંડ છે તે જે અક્ષરને વિશે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે છે.

એવો જે અક્ષરસ્વરૂપ તેનામાં અખંડ નિરંતર પરમ તત્વ પ્રગટેલું હોય છે. અને તે થકી જ તેના દેહ, મન, સમગ્રનું સંચાલન થાય છે. તે એક નિમિત્ત બની દેહયંત્ર બનીને, પંચમહાભૂતમાં વિલીન થઈને પણ સર્વ કાંઈનું સંચાલન, આયોજન કરે છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે ચૌદ લોક જે વચ. ખગોળ-ભૂગોળનું લખ્યા પ્રમાણે સર્વનું સંચાલન કરે છે. અને ૧. નિત્ય પ્રલય, ૨. નિમિત્ત પ્રલય, ૩. પ્રાકૃત પ્રલય, ૪. આત્યંતિક પ્રલય

જીવમાં રહેતા અનંત કોટિ વિષય માત્રનો નાશ થાય અને પ્રધાન પુરુષ કારણ બનીને પ્રકૃતિપુરુષને તે પોતાને વિશે

અનંત બ્રહ્માંડને પ્રતિલોમ કરીને પોતે અક્ષર પુરુષના તેજમાં લીન થાય છે તેને આત્યંતિક પ્રલય કહેવાય છે.

આવા સમગ્ર બ્રહ્માંડના પ્રલયની સર્વોપરી શક્તિ સાકાર બ્રહ્મ પરબ્રહ્મમાં જ અવિનાશીરૂપે પ્રગટેલી રહે છે. અને તેનું જેને યથાર્થ અવિનાશી, અચલ, જ્ઞાન, અનુભવ થાય છે. તેના જીવમાં દ્રષ્ટા સ્થપાય છે ને મોક્ષના દાતા જે સદ્‌ગુરુ ને સંત તેનો આશ્રય કરીને તેની આજ્ઞામાં પોતાના દેહ, ઈંદ્રિયો ને અંતઃકરણને વર્તાવીને પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામે પહોંચે છે. તેનું આત્યંતિક કલ્યાણ થયું ગણાય. ને તે માનવ દેહધારી હોવા છતાંયે નિર્વિકલ્પ બનીને ભગવાનના જ પ્રેરિત સંકલ્પ, ભાવ ને ક્રિયા કરે છે ને તેનો સંકલ્પ, આંતરિક રીતે જીવોના પૂર્ણ શુદ્ધિકરણનું કાર્ય હાથમાં લઈને સૌને અક્ષરરૂપ બનાવવા જ સર્વ ક્રિયાયોગો કરે છે ને તે 'શાશ્વત સંકલ્પ' !

વચ.કા. ૭ 'ચટકીના વૈરાગ્યનું' આત્યંતિક કલ્યાણનું

'જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય છે અને પ્રકૃતિ–પુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદશ્ય થઈ જાય છે. પછી એકલું સચ્ચિદાનંદ જે તેજ રહે છે. ને તે તેજને વિષે દિવ્ય મૂર્તિ એવા જે પુરુષોત્તમનારાયણ અખંડ બિરાજમાન રહે છે. અને તે જ પોતે દિવ્ય મૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીને વિશે સર્વે જનને નયનગોચર થકા વિચરે છે. એ સદા ગુણાતીત દિવ્ય મૂર્તિ જ છે. એ ભગવાન તો ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય એ સર્વ કાળને વિશે એકરૂપે કરીને બિરાજમાન છે. એવી રીતે જે દ્રઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહેવાય છે.

એવી નિષ્ઠાથી જે સિદ્ધદશાને પામ્યો હોય તે અક્ષરધામને વિશે જે ભગવાનની મૂર્તિ અખંડ બિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર જંગમ સર્વે આકારને વિશે જ્યાં જ્યાં દ્રષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે છે. અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર દિશે નહીં. એ સિદ્ધદશાનું લક્ષણ છે.

એટલે એવા ચૈતન્યસ્વરૂપ ગુરુહરિ પપ્પાજી સ્વયં શાશ્વત બની રહે છે અને તેનો મનોરથ જે સંકલ્પ સહજ ઉઠે છે તે સમગ્ર બ્રહ્માંડમાં સર્વ શક્તિમાન બનીને વ્યાપ્ત થઈ રહે છે. જેને આપણે 'શાશ્વત સંકલ્પ' કહીએ છીએ.

**ગુરુહરિ પપ્પાજીની દિવ્ય અલૌકિક પરમ પુનિત પ્રીતિની અનુભૂતિ સ્મૃતિયાત્રા...**

અ.નિ. પૂ.રામક્રિષ્ણસાહેબ હૈદ્રાબાદના ખૂબ મોટા કલેક્ટર હતા. પ્રથમ દર્શને ગુરુહરિ પપ્પાજી સાથે દિવ્ય પ્રીતિ થઈ અને જીવમાં, આત્મામાં પ્રભુરૂપે પપ્પાજી બીરાજી ગયાં. તેમનો એક પારલૌકિક સ્મૃતિ પ્રસંગ.

ગુરુહરિ પપ્પાજીની સંગે સેવકો પ્રભુકૃપાના વરંડામાં ભજનો ગાઈ રહ્યા હતા. પપ્પાજીની તબિયત સહેજ નાજુક હતી. તે સમે રામકૃષ્ણભાઈ બાજુના સોફા પર બિરાજમાન હતા. ગુજરાતી, હિન્દી ભાષા બિલકુલ આવડે જ નહીં. તેમ છતાંયે ભજન ગુજરાતી ભાષામાં રસબસ થઈને લય થઈને સાંભળી રહ્યા હતા. ગુરુહરિ પપ્પાજીને પ્રકાશમય પ્રીતિએયુક્ત નિહાળી રહ્યા હતા.

એકદમ સહજભાવે અંગ્રેજીમાં બોલ્યા I will also sing one bhajan for Pappaji. એટલે તેઓ એકદમ પપ્પાજીના સોફાની નજીક સાદી ખુરશીમાં બેસી ગયા. અને ગાવાનું શરૂ કર્યું – પૂ.મીરાંબાઈનું શ્રી કૃષ્ણ માટે રચેલું ભજન – 'જો તુમ તોડો પિયા, મૈં નાહી તોડુ રે, તોરી પ્રીત તોડી કૃષ્ણા, કોન સંગ જોડુ...' હજુ તો તેમણે આ કડી પૂરી કરી ને પ્રભુ પપ્પાજી એકદમ પરભાવમાં આવીને તેમનો હાથ પોતાના બંને હાથમાં લઈને જબરજસ્ત જોરથી પકડ્યો. અને પરભાવમાં બોલ્યા 'હું તો તમને એમ કહું છું કે તું મને છોડે કદાચ, પણ હું તને કદીયે નહીં છોડું. જન્મોજન્મ સાથે જ રહેવાનો !' એવા પ્રીતિ ને કરૂણાભર્યા વરદાન સાંભળી રામકૃષ્ણભાઈ ભાવસભર થઈ અશ્રુધારા વહાવી રહ્યા !

આ વચન ફક્ત આ એક જ ભક્ત માટે નથી. જે કોઈને ગુરુહરિ પપ્પાજી, સદ્‌ગુરુ સ્વરૂપો સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ છે તે સૌ માટે આ કરૂણાવચન વરદાન સમાન છે. આપણે સૌ આ પ્રસંગની માનસી કરી આપણી સાથે ગુરુહરિ પપ્પાજીની નિર્દોષ નજરૂને મિલાવી ધ્યાન ધરી, તેમના વચનને રોમેરોમમાં વહાવી પ્રાપ્તિના કેફમાં જીવન જીવીએ. (પૂ.ડૉ.નીલમબેન)

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

અનાદિ કાળથી જન્મ-મરણના ચકરાવામાં અટવાયેલા અને પ્રારબ્ધના ડુંગરો નીચે દબાયેલા જીવને જ્યાં પોતાની જ કાંઈ ખબર નથી ત્યાં એ જીવને આવા દિવ્ય સત્સંગ, ભગવાન કે ગુણાતીત સંતની તો શું ખબર હોય ? અને વળી આ જીવની તાકાત પણ શું છે ?

બ્રહ્મતત્ત્વને પામવાની વાત તો બહુ દૂરની છે પરંતુ બ્રહ્મ શબ્દને પણ સમજવાનીય જીવની કોઈ વિષાત નથી. અને જ્યારે એ જીવને મનુષ્ય દેહમાં વિચરતા પ્રગટ બ્રહ્મસ્વરૂપની ઓળખ થાય એ તો આ બ્રહ્માંડની કોઈ અતિ દુર્લભ ને મહામૂલી ઘટના છે !

આપણે નસીબદાર શા માટે ? કારણ કે આપણે પણ કોઈક દિવસ આવા જીવ સ્વરૂપે જ હતા. કોઈ અતિ મહાભાગ્યની ક્ષણે આપણા જીવ પર ભગવાનની નિષ્કારણ જ કૃપા થઈ ગઈ ને આપણે માયાથી બદ્ધ એવા જીવોને ખરેખર મુક્ત બનાવ્યા. જન્મ મરણના ચકરાવામાંથી આપણને મુક્ત કર્યા. આ કોઈ સામાન્ય કે જેવી તેવી ઘટના નથી.

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે આ જીવને જ્યારે ભરત ખંડને વિશે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાન કાં ભગવાનના સંત જરૂર પૃથ્વી પર વિચરતા હોય તેની આ જીવને ઓળખાણ થાય છે... આપણને માત્ર ઓળખાણ જ નથી થઈ, એથીય અધિક આપણે તો એમના થઈને જીવવા માંડ્યા. એમની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની એક ઝંખના જાગી. સનાતન સુખના માર્ગે ચાલતા કરી દીધાં. એટલે આપણે નસીબદાર.

આપણા જીવને આવા ગુરુહરિ પપ્પાજી મહારાજની ઓળખાણ થઈ ગઈ. એમણે તૈયાર કરેલા સંતો, સદ્ગુરુઓની નિશ્રા મળી, હૂંફ અને જતન મળ્યાં. દુનિયામાં ક્યાંય ન હોય તેવા દિવ્ય મુક્તોનો સમાજ મળ્યો. એ બધું જ આપણને સાવ મફતમાં પ્રાપ્ત થયું અને આ અલભ્ય પ્રાપ્તિ માટે આપણે કોઈ જ મૂલ્ય ચૂકવવું પડ્યું નથી.

ત્યારે એક પ્રશ્ન થાય કે ખરેખર આપણને ખબર છે કે આપણા પપ્પાજી મહારાજ કોણ છે?

કદાચ હા, તો પણ એમનો સાચો પરિચય પામવો એ તો ઘણું અઘરું છે.જેમ હવા નરી આંખે જોઈ શકાતી નથી, પ્રકાશને પકડી શકાતો નથી અને ધ્વનિને સ્પર્શી શકાતો નથી. છતાંય એનો અહેસાસ અને પ્રતીતિ હરકોઈને થાય છે. એવું બ્રહ્મનું દિવ્ય તત્ત્વ એ પપ્પાજી મહારાજનું સ્વરૂપ છે. એ કોઈનાય નથી છતાંય સૌના છે. એને કોઈ જ પારકું કે પોતાનું નથી. એ હરકોઈ જીવને બ્રહ્મની દ્રષ્ટિએ જ જુએ છે અને એમ જ વર્તે છે. દરેક જીવોને પ્રગતિ કરતાં ચૈતન્ય જુએ છે. આપણે સૌ પોતે કેવા હતા એની તો આપણને સૌને ખબર જ છે. તોય પપ્પાજીએ હંમેશા સદા દિવ્ય સાકાર અક્ષર મુક્ત તરીકે જ સૌને જોયા છે, માન્યા છે ને બિરદાવ્યા છે અને કાયમ એ જ દ્રષ્ટિએ આપણા સૌની પરવરીશ કરતા જ રહ્યા છે. આવા દિવ્ય સત્પુરુષનું આ પૃથ્વી પર પ્રગટવું એ તો સમસ્ત ધરતીના ભાગ્ય ઉદય થયા કહેવાય.

પપ્પાજી બ્રહ્મ સ્વરૂપ છે, શાશ્વત સ્વરૂપ છે. અને એ સંકલ્પરહિત હોવા છતાંય એમનું અવતાર ધર્યાનું કોઈ પ્રયોજન છે. એ પ્રયોજન એટલે જ કોઈ અગમ, અવ્યક્ત ને દિવ્ય સંકલ્પ. એ સંકલ્પ પૂર્ણ રીતે, સફળ રીતે કાર્ય કરતો થાય છે ત્યારે સર્વત્ર કોઈ દિવ્ય આનંદનું વાતાવરણ સર્જાતું જાય છે. સૌના દિલમાં એક ઉત્સવ જેવા ઉત્સાહ – ઉમંગ ઉમેરાતા જાય છે. આવા અવસરને ચાહે કોઈપણ નામ આપી દઈએ. ઉત્સવ કે મહોત્સવ, પર્વ કે મહાપર્વ. પણ આ વાત અંતરના ઉમંગની છે, હ્રદયના આનંદની છે. પણ આ બધું અભિવ્યક્તિ કે ઊજવણી માટે નથી. કારણ કે એ બધું બહુ અમૂલ્ય છે, અતુલ્ય છે. કારણ કે પપ્પાજી સ્વયં સૌના પ્રાણાધાર થઈને રહ્યા છે. પ્રાણાધાર એટલે અનેક મુક્તોના જન્મથી માંડીને છે..ક દેહાંત સુધીના પ્રત્યેક પડાવ પર, પ્રત્યેક તબક્કે પપ્પાજી મહારાજના દિવ્ય પ્રેમ, પ્રકાશ, જતન, હૂંફ સદૈવ મળતા જ રહ્યાં છે. ખરેખર સૌના આધાર થઈને રહ્યાં છે. જ્યાં જ્યાં પોકાર

થયા છે ત્યાં ત્યાં પહોંચીને પ્રગટ થયા છે, રક્ષા કરી છે, ઉગાર્યા છે, સહાય કરી છે, અધૂરાં કામ પૂરા કર્યા છે, અઘરાં કામ પાર પાડ્યા છે, મૃત્યુના ખોળેથી પાછા લાવ્યા છે... અને અનેક પ્રકારની તન, મન ને જીવની બીમારીઓમાંથી પણ મુક્ત કર્યા છે.

તો વળી પ્રત્યેક સાધકના હૃદય પોકારે તેના આંતરિક શત્રુઓના વળગણોથી મુક્ત કરી આત્મભાવે જીવતાં કર્યા છે. માખી જેવા જીવને સૂર્ય જેવા કરવાની આ સફર કે રીત કોઈનીય સમજમાં આવે તેવી નથી. પ્રત્યેક સાધકને સુખભરી સાચી સાધનાના પંથે એકાંતિક ધર્મ સિધ્ધ કરાવવા પપ્પાજી મહારાજે પોતાની બેઠી તાકાત વાપરી છે અને વાપરી રહ્યાં છે. ભલે એમનો દેહ પ્રગટ નથી, પણ શાશ્વત સ્વરૂપે, સંકલ્પ સ્વરૂપે જ તેઓ બધું જ કરી, કરાવી રહ્યાં છે. એમના સંકલ્પમાં શક્તિ છે, પ્રાણ છે ને જીવંતતા છે.

એમના સંપૂર્ણ ભરોસે, અતૂટ વિશ્વાસે અને નિસ્વાર્થ પ્રેમે સૌનાય જીવન દિવ્ય પ્રવાહમાં આગળ ને આગળ વહી રહ્યાં છે. પૂર્ણ સંતોષ, પૂર્ણ પ્રાપ્તિનો આનંદ અને પપ્પાજી મહારાજની બ્રાહ્મીશક્તિના સથવારે એક અનોખા જીવનમુક્તોનો સમાજ લહેજતથી જીવી રહ્યો છે. આ બધું શાશ્વત સ્વરૂપ પપ્પાજી મહારાજના સંકલ્પના સર્જનનું ફળ છે. અને એટલે જ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્ય અવસરનું નામ 'શાશ્વત સંકલ્પ પર્વ' રાખ્યું છે.

તો આ વર્ષના છેડે આવી રહેલા આ અવસરે અમારી એક જ પ્રાર્થના છે કે,

હે પપ્પાજી મહારાજ ! આપ અલ્પ જેવા મુક્ત સમીપે પણ અજ્ઞાત જેવા બનીને રહ્યા, કોઈનાય મનને મરોડ્યા વિના કેવળ સંબંધથી સમજણા કર્યા છે. અપાર કરુણા અને આપના બેહદ ઋણ એ સૌ પર છે.

અમે પણ આપના સંબંધવાળા મુક્તો પાસે ભલે અજ્ઞાત ન બની શકીએ પણ બરોબરિયા પણ ન બનીએ. તટસ્થભાવ ને સાક્ષીભાવ વધતા રહે. અને આપની અનુવૃતિમાં અમારું જીવન વહેતું જ રહે, વહેતું જ રહે, વહેતું જ રહે તેવી અંતરની પ્રાર્થના.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## પરમની આરાધના

### ૨૫૨. ફરકતો રહે ગુણાતીત ધ્વજ

ઈ.સ.૧૯૮૧ના નવેમ્બરમાં પ.પૂ.બાના અમૃતપર્વે બ્રહ્મજ્યોતિના સભાસ્થાને ગુણાતીત સમાજની ચારેય પાંખોના ધ્વજ લહેરાવ્યા હતા.

ત્યાર પછી ૨૫મી ડિસેમ્બરે મંદિરમાં ભાઈઓની સંઘધ્યાનની સભામાં પપ્પાજીએ અશ્વિનભાઈને કહ્યું કે, 'મને આજે એવો વિચાર આવ્યો કે બહેનો, યુવકો, ગૃહસ્થો ને સંતો એ ચારેયના રંગનો એક વાવટો આપણે પોષીપૂનમના દિવસે ફરકાવીએ. એ દિવસે ગુણાતીતને વ્રત આપેલું. તું વિચાર કરી એનું આયોજન કરજે. હું ઉભરાટ સ્વામીની શિબિરમાંથી આવું પછી તું મને યાદ કરાવજે. પોષીપૂનમની શિબિર વખતે વાવટો ફરકાવી મરણિયો સંકલ્પ કરવો છે, કારણ એ શિબિર વખતે એકલા મરણિયા સેવકો જ ભેગા થવાના. એટલે આપણે એક સંકલ્પ કરવો છે કે ગુણાતીતભાવમાં નિરંતર રહેતા થવું છે એ આદર્શ છે. એ ગુણાતીત ધ્વજ ફરકતો જોઈશું એટલે આપણને માહાત્મ્ય સાથે એ વસ્તુ યાદ રહેશે.'

ત્યાર પછી હરિભાઈના જન્મદિનની ઉજવણી માટે પપ્પાજી ઈ.સ.૧૯૮૨ની ૧લી જાન્યુઆરીએ માણાવદર પધાર્યા. ત્યાં કાકાશ્રી, હરિપ્રસાદસ્વામીજી, અક્ષરવિહારીસ્વામીજી, સાહેબ, શાંતિભાઈ, અશ્વિનભાઈ, કાંતિકાકા સાથે મિટિંગ કરી પપ્પાજીએ સૂચન કર્યું કે, 'આપણે એકસરખા ધ્વજ લહેરાવીએ.' ને સૌ સ્વરૂપોએ આનંદથી વધાવ્યું.

પપ્પાજીના કહ્યા મુજબ સંતોનો ભગવો, ભાઈઓનો સ્કાય બ્લ્યૂ, ગૃહસ્થોનો સફેદ અને બહેનોનો ઝાંખો ભગવો એમ ચારેય રંગની મધ્યે સ્વામિનારાયણ ધર્મના પ્રતીકરૂપે તિલક અને ચાંદલાનું દર્શન કરાવતો એક ધ્વજ તૈયાર કરી પપ્પાજીને બતાવ્યો.

'ગુણાતીત દ્વિશતાબ્દી'ના પ્રથમ સોપાને ૧૯૮૨ની

૯મી જાન્યુઆરી, પોષીપૂનના દિને બ્રહ્મજ્યોતિમાં હરિપ્રસાદસ્વામીજીના હસ્તે ધ્વજ લહેરાવી શિબિરનો પ્રારંભ કર્યો.

ત્યારબાદ સાંજે અનુપમમાં કાકાશ્રીના હસ્તે અને ગુણાતીત જ્યોત મંદિર પર પપ્પાજીના હસ્તે ધ્વજ લહેરાવ્યો ને સ્મૃતિ કરાવતાં કહે, 'યોગીજી મહારાજ કહેતા; દાદર મંદિરના ટાવરના દર્શન કરશે કે ડંકા સાંભળશે તેઓનું પણ કલ્યાણ' એમ ધ્વજ ફરકતો જોઈને આપણને ગુણાતીતભાવમાં રહેતા થવાનું યાદ આવશે.

ખરેખર પપ્પાજી કૃપામાં જ કરાવવા બેઠા છે એટલે આખો સમાજ સુખે સુખે ગુણાતીતભાવમાં રહેતો થાય તેવો સદ્‌ગુરુ સ્વરૂપોને સંકલ્પ કરાવીને ધૂન કરાવી.

## સત્સંગ સમાચાર

### તા.૧૪.૧.૨૦૨૬ : ઉત્તરાયણ પુણ્ય પર્વણી અને શિક્ષાપત્રી પારાયણની સભા...

આજની સભા પ.પૂ.દીદીના સાંનિધ્યે સવારે ૧૦ વાગ્યે પપ્પાજી હૉલમાં કરી. આવાહ્‌ન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજને પુષ્પહાર અર્પણ કર્યા. શિક્ષાપત્રીનું પૂજન કરી પુષ્પો ધર્યા. સદ્‌ગુરુ સ્વરૂપોએ અને ભાભીઓએ શિક્ષાપત્રીની આરતી ઉતારી.

ભગવાન સ્વામિનારાયણે સમગ્ર માનવજાતને માટે શિક્ષાપત્રીની અમૂલ્ય ભેટ આપી તેને ૨૦૦ વર્ષ પૂરાં થયા. એ આપણા સૌના પર અપાર કૃપા કરી. એ પુણ્ય પ્રતાપને સંભારી ગુરુહરિ પપ્પાજી મહારાજે ઈ.સ.૧૯૭૪માં પ.પૂ.હંસાદીદી અને પ.પૂ.દેવીબેનને આજ્ઞા કરી કે તમે શિક્ષાપત્રીનું નિરૂપણ કરો. એ શિબિરના લેખિત પ્રવચનના પારાયણનો પ્રારંભ કર્યો. જેમાં આપણો આદર્શ ૧૧૬ નંબરનો શ્લોક 'નિજાત્માનં બ્રહ્મરૂપં...' તે ગુરુહરિ પપ્પાજી મહારાજે સમજાવેલો. તેનું પારાયણ આજે ઉત્તરાયણ પુણ્ય પર્વણી દિને શરૂ કર્યું. ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોના આશિષ લીધા તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણે યોગીજી મહારાજને રાજી કરવા છે. તેને ઘરે બેસાડ્યા. અક્ષરધામ અહીં જ છે. પ્રગતિ કરતા ચૈતન્ય માનવા છે. જપયજ્ઞ કર્યા કરીએ. વિચાર પર ગરણી મૂકીએ. માહાત્મ્યસહિતનું જીવન એ અક્ષરધામનું જીવન. બીજે નિમિત્ત બની કાર્ય કરી મૂર્તિમાં. તો જ ભગવાનની અનુવૃત્તિ ખબર પડશે. કોઈનું તમને ખૂંચે તો સુહ્રદ પ્રાર્થના કરો. ગમે તેવો પ્રસંગ બને તો ય આધ્યાત્મિક સમતા જવા ન દઈએ. આપણને પૂછે તો કહો. અખંડ ભગવાનમાં રહેવું છે. તેની પ્રેક્ટીસ કરી અક્ષરધામની સમાધિનું સુખ લેતા થઈ જઈએ.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** નાના-મોટા બધાને પપ્પાજીની સ્મૃતિ ઈદમ્ થઈ જાય. એ આ ઉત્તરાયણ પર્વ. ભગવાનથી દૂર લઈ જાય તે તમારા ગુરુની ઝોળીમાં નાંખી દો. આપણે સુલભતાથી આપી શકીએ તેવું જતન ગુરુઓએ કર્યું. આવા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણની હાજરીમાં સ્મૃતિ, દર્શન ને લાભ મેળવ્યો છે. પપ્પાજી પરોક્ષ છે જ નહીં. સાચા દિલે એમની મૂર્તિ પાસે આપણને નડતું મૂકી દઈએ તે ટાળવા બેઠાં જ છે.

હું એમનો પ્રકાશ. મારું અલગ અસ્તિત્વ હોય જ નહીં. મારી રીત, માન્યતા મને સાચા લાગે ને સામાનું સાચું ન લાગે તે વાત જ ખોટી. વર્તાવનાર જોગી છે તેવું પપ્પાજીએ સ્વમુખે કહ્યું છે. તે માન્યતા સોલીડ કરીએ. જ્યાં મારું હું પ્રગટ થાય છે, અહંકાર જાગ્રત થાય છે, આપણી અસ્મિતા જાગ્રત થાય છે, તેમાં સુખ-દુ:ખ થાય છે, સ્વભાવ જાગ્રત થઈ જાય છે, મનમાં ન ગમે તેવું સ્પંદન થાય તે હું પ્રગટ થયું. પણ આપણે અંદરમાં પપ્પાજીને પ્રગટ કરવાના છે. આપણી અસ્મિતાના ભાવ નોંધતા જઈએ ને ગુરુના ચરણે સાચા ભાવે મૂકી દઈએ એવો બુદ્ધિયોગ સૌ સ્વરૂપો આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે ઉત્તરાયણ. આપણે તલ સમાન ને ભગવાન ગોળ સમાન છે. આપણે ભલે તલ જેવા નાના હોઈએ પણ ભગવાનને વળગી

જઈએ. જે કંઈ કરીએ તેમાં એને યાદ કરીને કરીએ. એ કહે એમ કરી લઈએ. તો આપણે સદાય સુખી છીએ. પપ્પાજી મહારાજે મને ને દેવીબેનને શિક્ષાપત્રીના શ્લોક સમજાવવાનું કહેલું. આ તેનું પારાયણ કરીએ છીએ. આપણે આપણા મટી જવાનું છે. જ્યારથી પપ્પાજી પાસે આવ્યા, પપ્પાજીનો સ્વીકાર કર્યો પછી આપણા શુદ્ધિકરણનો પ્રોસેસ ચાલ્યો. આપણા હઠ, માન, ઈર્ષા ટાળ્યા. કેટલું મોટું કામ પપ્પાજીએ કર્યું ! આપણે પપ્પાજીનો આ દાખડો સફળ કરવો જ છે.

સભાના અંતમાં પૂ.બેનીબેન અને પૂ.ઈલાબેન વાઘેલાએ ભજન ગાયા ત્યાર બાદ સભાનું સમાપન થયું.

## તા.૨૩.૧.૨૦૨૬ : વસંત પંચમી : શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શિક્ષાપત્રી પ્રાગટ્યદિનની સભા...

વસંતપંચમીની તિથિએ બ્ર.સ્વ.શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્ય. પ.પૂ.દયાબેન અને પ.પૂ.હંસાદીદીએ બ્ર.સ્વ.શાસ્ત્રીજી મહારાજના જીવનવૃત્તાંતથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવાના આદર્શનું માહાત્મ્ય સમજાવ્યું. તા.૨૩મી એટલે બ્ર.સ્વ.યોગીજી મહારાજનો સ્મૃતિ પર્વ એ નિમિત્તે ૧૫.૫.૧૯૮૮ Most Important કરીને ગુરુહરિ પપ્પાજી મહારાજે લેખ લખેલો. જેમાં યોગીજી મહારાજે જીવનભર અલ્પ સંબંધવાળાને કૈવલ્ય મૂર્તિ માની સેવા કરી આપણને શીખવ્યું. તે વાત તેમાં છે કે, 'આંતરિક સમૃદ્ધિ વધાર્યા કરો. ભગવાનનો મનોરથ પૂરો કરો.' આ સ્મૃતિનું મનન કરી વર્તન માટે સંકલ્પ કરી, નિયમ લેવાની ગુરુહરિ પપ્પાજીની આજ્ઞા પાળવા નિશ્ચય કર્યો. ત્યાર બાદ શ્રી ઠાકોરજી, શ્રી શાસ્ત્રી મહારાજ, શ્રી યોગીજી મહારાજ અને ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ કર્યા. પૂ.સ્મૃતિબેન દવેએ શિક્ષાપત્રીનું પારાયણ કર્યું. ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દીદી અને પ.પૂ.દયાબેનના આશિષ લીધા તેના સારનો સ્વાધ્યાય કરીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ:** શાસ્ત્રીજી મહારાજનો આજે પ્રાગટ્યદિન. તે અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે ખૂબ ઝઝૂમ્યા. એ સિદ્ધાંત સમજવા વિચારીએ કે, એ રાજી થશે ? એની ભક્તિરૂપ છે ? તે ગરણી મૂકીએ. માન્યાનો અર્થ જ આ. પછી એના જેવા ગુણ ન આવે તો કહેજો. તેમ જ સંબંધવાળાના દોષ નહીં જોવાના. નિર્માની થઈ દાસના દાસ થઈ જીવીએ. જે દિ' તે દિ' આ જ્ઞાન સમજીશું ત્યારે અક્ષરધામનું સુખ આવશે. આવો જોગ કે દા'ડે મળવાનો ? કોઈ કુસંગ જ નહીં ! આ વિદ્યાનગરની સરસ જગ્યા જોગીબાપાએ હોધી કાઢી. ગામડામાં તો બીજાની રીતે વર્તવું પડે... તો હવે ગાફલાઈ, પ્રમાદ ટાળી દઈએ.

ભક્તિરૂપ ન હોય તેવા વિચારનો નિષેધ કરીએ. પોતે પોતાના ગુરુ બની આગળ વધીએ.

ગુણાતીતે કહ્યું કે કરોડ રૂપિયા આપતા આવા મહારાજ, સાધુ, મનુષ્ય દેહ ને આવો જોગ ન મળે તે મળી ગયો... દરેક પોતાની રીતે એક નિયમ લે ને તે પ્રમાણે ઈંદ્રિયો, અંત:કરણથી વર્તતા થઈ જઈએ. એ રીતે વસંતપંચમી ઉજવીએ.

**પ.પૂ.દયાબેન :** આજે વસંતપંચમી. શાસ્ત્રીજી મહારાજ અને શિક્ષાપત્રીનો પ્રાગટ્યદિન. આપણે બહુ જ નસીબદાર. શાસ્ત્રીજી મહારાજ પાસે જમીનના કંઈક કામ અંગે સારાભાઈ આશીર્વાદ લેવા ગયા ત્યારે શાસ્ત્રીજી મહારાજે જોટો દીકરાના આશીર્વાદ આપ્યા ને પપ્પાજી, કાકાજી જેવા બે મહાન રત્નોની ભેટ મળી. શાસ્ત્રીજી મહારાજ ૮-૯ વર્ષના હતા ત્યારે એક પુરાણી મહેળાવ ગામમાં કથા કરવા આવ્યા. કથા કરતા કંઈક અટક્યા તો શાસ્ત્રીજી મહારાજે ત્યાંથી માણ લઈને વાંચવાનું શરૂ કરી દીધું. આમ પ્રતાપ જણાવ્યો. શાસ્ત્રીજી મહારાજ ખૂબ વિદ્વાન ને શૂરવીર હતા.

શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજનો સમાગમ કર્યો ત્યારે મહારાજ અને ગુણાતીત એટલે શું તે સમજાયું. અક્ષર-પુરૂષોત્તમનો સિદ્ધાંત સમજાયો. એ સમયે ખુલ્લા મોઢે મહિમા નહોતો કહેવાતો. શાસ્ત્રીજી મહારાજને મધ્ય મંદિરે અક્ષરપુરુષોત્તમ પધરાવવાની વાત ખૂબ સ્પર્શી ગઈ. તેમણે અક્ષરપુરુષોત્તમના મહિમાની વાતો

કરી. ખૂબ કષ્ટ વેઠીને સૌ પ્રથમ બોચાસણમાં ભવ્ય મંદિરની રચના કરીને મધ્ય મંદિરે અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવી. તેવા પાંચ મંદિરો કર્યા.

આપણે અક્ષરરૂપ રહી પુરૂષોત્તમની ઉપાસના કરીએ તે માટે પપ્પાજીએ આદર્શ સ્વરૂપો આપી દીધા. તેમની હૂંફમાં મોટા થયા, તે આપણને વર્તનની સૂઝ આપી રહ્યાં છે.

આ સ્વરૂપોનું આપણે કાર્ય છીએ. એમણે ઘડતર કર્યું છે તે આપણે નસીબદાર છીએ. પ્રત્યક્ષના લીલા ચરિત્રોમાં આપણું મન ગૂંથી રાખવાનું. તે આપણી સાધના છે. આ સ્વરૂપો કેવી સરળ રીતે હસતા રમતા સાધના કરાવે છે ! આપણે ખાલી કહે એમ કરવાનું છે. તેમાં ચૂક ના આવે તે જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે તો બહુ મોટો વસંતપંચમી પર્વનો દિવસ. શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યની તિથિ. જેમણે અક્ષરપુરુષોત્તમ માટે પોતાનું આખું જીવન સમર્પિત કરી દીધું. એમને જ્યારે દીક્ષા આપી ત્યારે યજ્ઞ કરેલો ને નામ યજ્ઞપુરુષ રાખ્યું. ગુણાતીતને સેવનારા ભગતજી, જાગાસ્વામી, ને કૃષ્ણજી અદા. એ ત્રણ મહાપુરુષો ગુણાતીત જેવી જ સામર્થિને પામેલા. ભગતજીએ ગુણાતીતની નિષ્ઠા કરાવી. જાગાસ્વામીએ કહ્યું તમે સંકલ્પ ન કરો તો તમારી ખોટ ને હું પૂરા ન કરું તો મારી ખોટ. કેવો પાવર હશે ! કૃષ્ણજી અદા રાંક પણ ભગવાનનું સ્વરૂપ. એટલે એમણે શાસ્ત્રીજી મહારાજને જબરજસ્ત આજ્ઞા આપી કે, ભક્તે સહિત ભગવાનની ઉપાસના કરો. શાસ્ત્રીજી મહારાજે તે માટે અપાર ભીડો વેઠ્યો છે. સાચું લાગ્યું તેની પાછળ મંડ્યા ને શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનો સંપ્રદાય સ્થાપી દીધો.

અમે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યા છે. મા–બાપને શાસ્ત્રીજી મહારાજની નિષ્ઠા હતી. જોગીબાપા અદાની આજ્ઞાથી જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીજીનો મોટો સમાજ મૂકીને શાસ્ત્રીજી મહારાજ પાસે પધાર્યા. એ જોગીબાપાએ પપ્પાજી, કાકાજીની ભેટ આપી તો આજે આપણે અહીં બેઠા છીએ ને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય તો કરી શકાય તેવા સંજોગો છે. તો પામી જઈએ.

### બ્ર.સ્વ. કાકાજી મહારાજના સાક્ષાત્કારદિનની સભા...

તા.૩.૨.૨૦૨૬ના આ બીજા મહિનાની ત્રીજી તારીખ – બ્ર.સ્વ.કાકાજી મહારાજનો ૭૪મો સાક્ષાત્કાર પર્વ. કાકાજીના અમૃત પર્વે પ.પૂ.હંસાદીદીએ તેમના જીવનદર્શનનો ગ્રંથ 'દિનકરનો પ્રકાશપુંજ' લખેલો. આજે ૭૫મા સાક્ષાત્કાર પ્રારંભે તે ગ્રંથમાંથી 'અમૂલ્ય પ્રસાદી' અને 'લ્યો આ એટમ બોમ્બ' આ બે લખાણનું વાંચન કર્યું. આ મહિનાની 'શાશ્વત પપ્પાજીની પ્રેરણા'માં આજ્ઞા મળી છે જેમાં 'કંઈપણ તીવ્ર કામ અશક્ય જેવું લાગતું હોય તે ભજન કરીએ તો શક્ય બને જ. અને 'નામ રટો સ્વામિનારાયણ...' એ ભજનની પ્રથમ કડી ગાવાની છે. તો તેમાં બળ, પ્રેરણા મળે. કાકાજીને જપયજ્ઞ ખૂબ જ ગમે. એમણે હરેક કાર્યો ધૂન, ભજનથી ઉકેલ્યા છે. તો અમે પણ જે લેખ વાંચન કર્યું તેમાં ગુરુહરિ પપ્પાજીએ કહ્યું છે કે 'મહારાજ જેવા સેવક મળ્યા પછી બીજી શી અપેક્ષા! ઓશિયાળી શી ?' જે કંઈ કહેવું હોય તે મહારાજને જ કહો એ જ એકાંતિક. તો એવા એકાંતિક અમે સૌ બનીએ એ જ પ્રાર્થના... એ જ સાક્ષાત્કાર પર્વની ઉજવણી.

સભામાં ગુરુહરિ પપ્પાજી મહારાજ, ગુરુહરિ કાકાજી મહારાજ, પ.પૂ.દીદીના આશીર્વાદ લઈ સભાની સમાપ્તિ કરી.

### નિર્ણય

★ એકાદશી :
ફાગણ સુદ–૧૧, શુક્રવાર, તા.૨૭.૨.૨૦૨૬

★ બ્ર.સ્વ.ભગતજી મહારાજ જયંતી, હુતાશની :
ફાગણસુદ–૧૪/૧૫, સોમવાર, તા.૨.૩.૨૦૨૬

★ પ.પૂ.સાહેબજીનો પ્રાગટ્યદિન, ધૂળેટી :
ફાગણ સુદ–૧૫, મંગળવાર, તા.૩.૩.૨૦૨૬

★ એકાદશી :
ફાગણ વદ–૧૧, રવિવાર, તા.૧૫.૩.૨૦૨૬

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ ગુણાતીત પ્રકાશ વ્રતધારી પૂ.કે.પી.ભાઈ (પૂ.ગોરધનભાઈ મેઘજીભાઈ રતનપરા) તા.૧૮.૧.૨૦૨૬ના બ્રહ્મલીન થયા છે.**

પૂ.કે.પી.ભાઈનું આખું કુટુંબ સ્વામિનારાયણ



ધર્મના સંસ્કારવાળું. પોતે નાના હતા ત્યારે જૂનાગઢ મંદિરે વારે વારે દર્શન માટે જતા. ત્યાં સેવા કરતા, સંતોની કથાવાર્તા સાંભળતા. તેના ફળસ્વરૂપે તેમના અંતરમાં ભક્તિ ઉદય થયેલી. સમય જતાં શ્રી યોગીજી મહારાજનો યોગ થયો. મહિમાભરી સેવાથી શ્રી યોગીજી મહારાજ અને સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો. જેના ફળ સ્વરૂપે ઈ.સ.૧૯૬૩માં શ્રી યોગીજી મહારાજની ૭૧મી જન્મ જયંતી માણાવદર તીર્થધામે ઉજવી ત્યારે શ્રી યોગીજી મહારાજે ૧૨ નવ યુવાનોને પાર્ષદી દીક્ષા આપેલી. ત્યાર બાદ કાષાંબરી દીક્ષા આપી. શ્રી યોગીજીએ આ ગોરધનભાઈનું શુભ નામ સાધુ કેશવપ્રસાદદાસજી રાખેલું. (ગુરુહરિ પપ્પાજી મહારાજ તેઓને કે.પી.દાસ કહેતાં. તેથી તેઓ સત્સંગ સમાજમાં કે.પી.દાસથી ઓળખાતાં થયા.) તેઓ દીક્ષા લીધા પછી મુંબઈ દાદર મંદિરે રહ્યાં. શ્રી યોગીજી મહારાજે પપ્પાજી, કાકાજીનો યોગ આપ્યો. તેમના સમાગમથી શાંતિ પામતા.

ઈ.સ.૧૯૬૬માં ગુણાતીત સમાજની રચનાના નવલા કાર્યના ઈતિહાસના ઉદ્ભવ સમયે પપ્પાજી, કાકાજી સંગે દાદર મંદિરેથી અહીંયા આવ્યા. શરૂઆતમાં સોખડા, સાંકરદા રહ્યાં.

ઈ.સ.૧૯૭૧માં કે.પી.ભાઈએ પોતાના અંગત પ્રશ્નોની ચર્ચા વિચારણા ગુરુહરિ પપ્પાજી સાથે કરી. અને તેઓ ત્યાગાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં આવ્યા ત્યારે પપ્પાજીએ કહ્યું, તારી બધી જવાબદારી મારી છે. નિશ્ચિંત રહેજે. તારું બધું કામ બાપા ને મહારાજ કરશે...' પછી પોતાના વતન અજાબ ગયા. ધંધામાં પરોવાયા, સેટ થયા. ઈ.સ.૧૯૭૩માં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા. ઈ.સ.૧૯૭૬માં માણાવદરમાં હરિભાઈની સાબુની ફેક્ટરીમાં મદદનીશ તરીકે જોડાયા. ને હરિભાઈનો જમણો હાથ બનીને રહ્યાં.

તેઓને ઈ.સ.૧૯૮૧માં અબુધાબી જવાનું હતું તે ટાળી ગુરુહરિ પપ્પાજીના વચને પૂ.કે.પી.ભાઈ, પૂ.પ્રભાબેન અને દીકરી સોનલ વિદ્યાનગર રહેવા આવી ગયાં. મિશનના ભાઈઓની ફેક્ટરીમાં નોકરી કરી. ડ્રાઈવીંગની સેવા ને બીજી નાની મોટી સેવા કરી સૌ સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કરી લીધો. પહેલા ઘર રાખીને રહ્યાં. પછી ગુરુહરિ પપ્પાજીના વચને વેસ્ટર્ન રેલ્વેમાં રહેતા ને જમવા સૌ જ્યોતમાં આવતા.

ઈ.સ.૧૯૯૨માં ગુરુહરિ પપ્પાજીએ કે.પી.ભાઈને ગુણાતીત પ્રકાશ વ્રતધારી યુવકનું વ્રત આપ્યું. ને ઈ.સ.૧૯૯૪માં પ્રભાબેનને આજ્ઞા કરી કે, 'હવે તમે જસુબેનની નિશ્રામાં સાધના કરવા આવી જાવ. ને તેઓને શ્વેત વસ્ત્રો અર્પણ કર્યા. ઈ.સ.૧૯૯૬માં ગુરુહરિ પપ્પાજીના ભક્તિ ઉત્સવે પ્રભાબેન અને દીકરી સોનલને કાષાંબરી દીક્ષા આપી. આમ ત્રણેય ત્યાગાશ્રમમાં પ્રવેશ્યાં. સંપૂર્ણ ગુણાતીતભાવને પામવાના દઢાવ સાથે આગેકૂચ કરતા રહ્યાં.

કે.પી.ભાઈએ ડ્રાઈવીંગ, મશીનરીનું રીપેરીંગ, ગેસ, ચૂલા રીપેર કરવા, બાયોગેસની સેવા, મેન્ટેનન્સ વગેરે સેવાઓ મહિમાથી અને વફાદારીથી કરી સ્વરૂપોનો રાજીપો મેળવ્યો છે. ગુણાતીત પ્રકાશ બનીને આદર્શ જીવન જીવ્યા. દેહની જાળવણી પણ એટલી જ કરતાં. કસરત કરતા, ચરી પાળતા. એમ પોતાની તંદુરસ્તીનું પોતે જ ધ્યાન રાખતા. બસ ગુરુહરિ પપ્પાજીને રાજી કરવા છે, સ્વરૂપોને હાશ રહે તેવું જીવવું છે તેવું તેમને હંમેશા રહેતું. ને જે બની આવે તે નાની-મોટી સેવાઓ પ્રભુ સ્મરણ સાથે કરી ખૂબ પુણ્ય કમાયા ને સ્વરૂપોની હાશ લીધી છે. કોટિ કોટિ વંદન છે પૂ.કે.પી.ભાઈને !

એવા કે.પી.દાસભાઈ તા.૧૮મીએ પ્રભુ સાંનિધ્યે બિરાજી ગયા. પ્રભુકૃપા તીર્થધામના ચોકમાં અંતિમ વિદાયમાં પુષ્પાંજલિ, પ્રદક્ષિણા, આરતી કરી ભાવાંજલિ અર્પણ કરી. તા.૧૯, ૨૦મીના સંત ભાઈઓએ પરમ પ્રકાશમાં પારાયણ કર્યુ. તા.૨૫મીના પપ્પાજી હૉલમાં પ.પૂ.દીદીના સાંનિધ્યે ભાઈઓ-બહેનોની સંયુક્ત સભામાં મહાપૂજા કરી. ભક્તોએ પ્રાર્થનાભાવ ધર્યા. ગુરુહરિ

પપ્પાજી મહારાજ અને પ.પૂ.દીદીના આશીર્વાદ લીધાં. ત્યાર બાદ બપોરે ૨:૩૦ થી ૫ વહેરાખાડી મહીસાગર નદીમાં પૂ.કે.પી.ભાઈના અસ્થિ વિસર્જન વિધિ કરી.

**★ લંડનના પરમ ભક્તરાજ પૂ.શાંતાબેન રતીલાલ રાજાણી તા.૨૦.૧.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**




પૂ.શાંતાબેન પૂ.મણીબેન રાજાણીના પુત્રવધુ થાય. વર્ષોથી આફ્રિકા યુગાન્ડામાં બુલોપામાં તેઓ રહેતા. પ.પૂ.બેન જીન્જાથી આવારનવાર બુલોપા પધારતા અને પૂ.વલ્લભકાકાના ઘરે સભા થતી. તે વખતે શાંતાબેને પ.પૂ.બેન પાસે વર્તમાન ધરાવી કંઠી બાંધી. તેમને ખાસ શ્રદ્ધા નહીં પણ મણીબેનને લઈને સત્સંગમાં આવતા. તેમના મોટા દીકરા સુરેશભાઈ ૩ મહિનાના હતા તે વખતે તેમને શરીરમાં ખસ નીકળ્યું ને મટે નહીં. મણીબેને રંભાબાને વાત કરી. તે વખતે જ બેન બુલોપા પધારેલા. બેને ઠાકોરજી પાસે જળ મૂક્યું. ધૂન કરી અને બધા પાસે કરાવી. શાંતાબેનને રોજ પાંચ માળા ફેરવવાની આજ્ઞા આપી. સુરેશભાઈને બીમારી મટી ગઈ. આ પ્રસંગ પછી શાંતાબેનને શ્રદ્ધા બેસી ગઈ. શાંતાબેને માળા ફેરવવાની છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખી.

શાંતાબેન ખૂબ હોંશિયાર, બુદ્ધિશાળી. જીવનમાં પ્રથમ પ્રભુ અને પછી પગલું રાખી કાર્ય કરતા. તેમને પૂ.ભાનુબેન દત્તાણી સાથે ખૂબ મિત્રતા. થોડા થોડા વખતે ભેગા થઈને માહાત્મ્યની, સ્મૃતિની ગોષ્ટિ કરતા. ખરેખર ખૂબ સુખમય, શાંતિમય જીવન જીવ્યાં.

દીકરા પૂ.દિલીપભાઈ, પૂ.ઉષાબેનનો પરિવાર, પૂ.સુરેશભાઈ, પૂ.મુક્તાબેનનો પરિવાર તથા દીકરી પૂ.નયનાબેન સૌને સત્સંગના માર્ગે વાળ્યા. આવા દિવ્ય માવતરને કોટિ કોટિ વંદન. તેઓના આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.બેન તથા સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

**★ ઑસ્ટ્રેલિયાના પૂ.જીતુભાઈ મનસુખભાઈ રાઠોડ તા.૨૧.૧.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



રાજકોટના ગૃહસ્થ એકાંતિક હરિભક્ત પૂ.વલ્લભભાઈ ગઢિયા અને પૂ.પ્રભાબેનના દીકરી પૂ.પ્રીતિબેન સાથે લગ્ન થતા પૂ.જીતુભાઈને સત્સંગનો જોગ થયો. ગુરુહરિ પપ્પાજી મહારાજની દ્રઢ નિષ્ઠા થઈ ગઈ. પૂ.ધર્મિષ્ઠાબેનને ગુરુપદે રાખ્યા. કંઈપણ કાર્ય કરે તેમાં ધર્મિષ્ઠાબેનને આગળ રાખીને કાર્ય કરતા હતા. નાની નાની વાતે પણ ગુરુને પૂછીને કરતા. 'પ્રથમ પ્રભુ પછી પગલુ' એવું જીવન હતું. તેઓ ઓસ્ટ્રેલિયા સેટલ થયા પછી ધર્મિષ્ઠાબેનને પણ ત્યાં બોલાવી સેવા અને કથાવાર્તાનો લાભ લીધો. પૂ.પ્રીતિબેન, દીકરા પૂ.ધ્યેયભાઈ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પૂ.ધર્મિષ્ઠાબેનને પ્રધાન રાખીને સત્સંગમય જીવન જીવી રહ્યાં છે.

જીતુભાઈ ઑસ્ટ્રેલિયાથી ભારત કામ માટે આવ્યા. ને ૧૦ દિવસમાં અચાનક હાર્ટ એટેક આવતા અક્ષરધામમાં ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.દેવીબેન અને પૂ.ધર્મિષ્ઠાબેન પાસે સેવામાં પહોંચી ગયા. અચાનક આવેલ આ પ્રસંગમાં પૂ.પ્રીતિબેન, દીકરા પૂ.ધ્યેયભાઈ અને સમગ્ર કુટુંબને ખૂબ બળ મળે તેવી સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોને ચરણે પ્રાર્થના.

**★ માણાવદરના જૂનાગઢ નિવાસી પૂ.નર્મદાબેન પરષોત્તમભાઈ જેઠવા તા.૨૪.૧.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**


પૂ.નર્મદાબેનને ગુરુ પૂ.ધર્મિષ્ઠાબેન માટે ખૂબ જ ભાવ



હતો. તેમના વચને માણાવદર જ્યોતમાં ખૂબ સેવા કરી છે. સત્સંગમય જીવન જીવ્યાં. જે કોઈ બહેનો તેમના ઘરે ગયા હોય તેમને ખૂબ ભાવથી જમાડતા. પોતાની દીકરી પૂ.ભાવનાબેન જેઠવાને પણ ગુરુહરિ પપ્પાજી મહારાજ, પૂ.ધર્મિષ્ઠાબેનની નિશ્રામાં ભગવાન ભજવા મોકલી પુણ્યની કમાણી કરી લીધી. પોતાના પરિવારમાં પણ સત્સંગનો વારસો આપ્યો. તેમના સમગ્ર કુટુંબને ખૂબ બળ મળે તેવી સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોને ચરણે પ્રાર્થના.

**★ અમદાવાદ, ઘાટલોડિયાના ગુણાતીત જ્યોત સમાજના સમર્પિત, નિષ્ઠાવાન પૂ.હસમુખભાઈ કે.પટેલ તા.૨૭.૧.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.હસમુખભાઈનો આત્મા ખૂબ બળિયો, પુણ્યશાળી



હતો. તેઓનું જીવન ભક્તિમય હતું. પપ્પાજી તીર્થ પર તેમણે લગભગ ૧૦ વર્ષ એકધારી સેવા કરી. પ.પૂ.આચાર્યસ્વામીજીની આજ્ઞામાં રહી, તેમને રાજી કરવા અને ગુરુહરિ પપ્પાજી મહારાજની પ્રસન્નતા અર્થે મહિમાથી સેવા કરી હતી.

તેમના સમગ્ર પરિવારમાં ગુરુ સ્વરૂપે બ્ર.સ્વ.જસુબેન હતાં. તેઓ પાસેથી ગુરુહરિ પપ્પાજી મહારાજનું માહાત્મ્ય સમજી પ્રસંગે અભાવ અવગુણમાં પડ્યા વિના, ધૂનનો આશરો લઈ પ્રભુને ઉપાયભૂત કરવાનું શીખી જીવન જીવ્યા. જસુબાના વચને પ્રવૃત્તિ અને વચને નિવૃત્તિ એવું જીવન રાખતા. અને અખંડ ગુરુહરિ પપ્પાજી મહારાજની સ્મૃતિસહ દરેક ક્રિયા કરતા. તેમને દેહમાં તકલીફ આવી તો આજ્ઞા લઈ ઘરે ગયા. ઘરે પણ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સંતો, બહેનો, ભાઈઓની સ્મૃતિ કરતા. પત્ની પૂ.શર્મિષ્ઠાબેન, દીકરા પૂ.વિપુલભાઈ અને પરિવાર તથા દીકરી પૂ.અલ્પાબેનના પરિવાર ને પણ સત્સંગપ્રધાન જીવન જીવતા કર્યા. તેમના પરિવારે તેમની બીમારીમાં ખૂબ ભાવથી સેવા કરી, ભક્તિ અદા કરી.

પૂ.હસમુખભાઈએ તેમના આત્માનું ભાથુ બાંધી શ્રી હરિના, પપ્પાજીના ચરણે બિરાજી ગયા. તેમના પરિવાર જનોને ખૂબ બળ મળે તેવી અંતરની પ્રાર્થના અને અંતરથી ભાવાંજલિ.

**★ સુરતના મુક્તરાજ પૂ.હેમલભાઈ પટેલ તા.૩૦.૧.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**


પૂ.હેમલભાઈના માતુશ્રી પૂ.હંસાબેનને સત્સંગમાં ખૂબ ભાવ. ઘરમાં પૂ.હંસાબેન, પૂ.કીરીટભાઈ તથા પત્ની પૂ.હીનાબેન તથા બાળકો બધા એક મના થઈને નિયમિત શાસ્ત્ર વાંચન, ધૂન અવશ્ય કરતા જ. એમના ઘર નજીક જ ગુણાતીત ધામ છે તેથી હીનાબેન ક્યારેક સભામાં બાળકોને લઈને જાય. હેમલભાઈ આજુબાજુના સત્સંગીઓ સાથે ખૂબ આત્મીયતાથી રહેતા. કદી કોઈ સાથે માથાકૂટ જ નહીં. સૌ માટે ગુણગ્રાહી દ્રષ્ટિથી જ રહ્યા. ખૂબ શાંત ને સરળ સ્વભાવે રહ્યા. કોઈ પાસે આશા અપેક્ષા જ નહીં.



ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.બેન અને સ્વરૂપો તેમના આત્માને ખૂબ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**★ જૂનાગઢના નિષ્ઠાવાન પૂ.કાંતિભાઈ તા.૪.૨.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

જીવનમુક્તોનો સમાજ આવ્યો અક્ષરધામથી અહીં...



ભજનની આ પંક્તિ પ્રમાણે પૂ.કાંતિકાકા ખરેખર જિંદગી આખી જીવનમુક્તની અદાથી જીવ્યા છે. એમની નિર્દોષતા, સહજતા અને રાંકભાવ ભરી સમજણ સૌ કોઈના અંતરે આત્મીયતા જગાવતી.


કેટલાય વર્ષોથી કાંતિકાકા જૂનાગઢમાં જ રહ્યા છે. પોતે વડીલ હોવા છતાંય વિદ્યાનગર જ્યોતના દરેક સમૈયામાં સામેથી ખપ અને ગરજ રાખીને આવતા, સિક્યોરિટી કે નાનામાં નાની સેવા રાંકભાવે ને પૂરા સ્વધર્મથી બજાવતા. તેઓ પૂ.જ્યોતિબેનના અનન્ય રાજીપાનું પાત્ર હતા. પૂ.જ્યોતિબેન કાયમ એમના ગુરુપદે રહ્યા છે. એમણે કાંતિકાકાના ઘરે મૂર્તિઓ સ્થાપિત કરી જાણે જ્યોતનું જ એક કેન્દ્ર હોય તેમ પૂ.જ્યોતિબેન બોલ્યા હતા કે, આ ઘર એક જ્યોત જ છે. તેઓ હંમેશા પૂ.જ્યોતિબેનને રોજ સવારે ફોનથી જય સ્વામિનારાયણ કરતાં. પૂ.જ્યોતિબેન સ્વધામ પધાર્યા પછી પૂ.દીદીબાને દરરોજ ફોન કરીને જય સ્વામિનારાયણ કરવાની રીત એમણે રાખી હતી.

એમના સમગ્ર પરિવારના નાના મોટા સૌ કોઈને એમના પ્રત્યે અંતરથી ખૂબ આદર. ઈ.સ.૧૯૮૦-૮૫ના સમયે ભવિષ્યમાં સાધુતાના માર્ગે ચાલનારા ઘણાં યુવકો અભ્યાસ કે કર્મયોગ નિમિત્તે જ્યારે એમના ઘરે રહેતા,

જમતા ત્યારે પણ એ સૌની ખૂબ માહાત્મ્યથી માવજત કરી, પ્રેમ અને છૂપી પ્રાર્થનાથી સાધના માર્ગે ચાલવાના પોષણ આપ્યા છે. તેઓ એ યુવકોના પિતા બનીને રહ્યા હતા. હંમેશા હરકોઈ મુક્તને એ પોતાના લાગ્યા છે. સૌમાં માહાત્મ્યનું સિંચન કરતા રહ્યા છે. સંબંધવાળા સૌ કોઈ માટેનું માહાત્મ્ય એમના અંતરમાં અને આંખોમાં છલકાતું. 'પ્રત્યક્ષ પપ્પાજીને પામી લેવા એ એક જ કરવા જેવું છે.' આ વાતનું બીજ સૌ ગૃહસ્થ ભાઈઓ, ભાભીઓ, બાળકો કે આબાલવૃદ્ધ સૌમાં લાવીને મૂકતા. જૂનાગઢ મંડળના મુકતોને ખૂબ પ્રેમથી, માહાત્મ્યથી સાચવ્યાં છે. પોતે મોટા હોવા છતાંય પૂ.વિરેનભાઈ – પૂ.પીયૂષભાઈ પ્રત્યે એમને આગવી આત્મબુધ્ધિ ને પ્રીતિ હતી. આ બંને ભાઈઓ એમને 'એકાંતિક કાકા' કહીને સંબોધતા. અને સાચે જ તેઓ એકાંતિક અવસ્થામાં રહીને જીવ્યા છે. અપેક્ષા રહિત જીવ્યા છે. તો અંત સમય સુધી એમની બધી જ સંભાળ પ્રભુએ કરી છે ને કરાવી છે. એમના અંતિમ દિવસોમાં પણ તેઓ અંતરથી આનંદમાં રહેતા. સંતો, સ્વરૂપો કે મુકતોને જોઈને ખીલી ઉઠતા.. એમના સમગ્ર જીવનમાં પૂ.કંચનકાકીએ પણ અર્ધાંગિની બનીને પૂર્ણ સાથ આપ્યો છે. તેઓ પણ ખૂબ બળમાં છે. તો હે પ્રભુ ! કાંતિકાકા તો આપના ચરણોમાં બિરાજી ગયા. એમના કુટુંબીજનો અને ખાસ જૂનાગઢ મંડળના મુકતોને તેમની ખૂબ જ ખોટ અનુભવાશે. તો સૌ કોઈને ખૂબ ખૂબ બળ આપજો. જેને જેને પૂ.કાંતિકાકાની સેવા કરી છે, મદદ કરી છે તે સૌ કોઈને તન, મન, ધન અને આત્માથી ખૂબ સુખી કરજો ને પ્રભુમય જીવન બને તેવી કૃપા કરજો.

**★ બોરીવલીના હાલ યુ.એસ.એ. નિવાસી ગુણાતીત સૌરભ વ્રતધારી પૂ.કીર્તિભાઈ નારણદાસ તન્ના તા.૧૧.૨.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.કીર્તિભાઈ તન્ના સાહેબ એટલે ગુરુહરિ પપ્પાજી મહારાજના દ્રઢ નિષ્ઠાવાન ભક્તરાજ. પ્રત્યક્ષની સર્વોપરી નિષ્ઠા ધરાવનારા એવા પરમ એકાંતિક ગૃહસ્થ રમણીકભાઈ અદા અને વિમળાબેન મોદીના પાડોશમાં જ આ તન્ના સાહેબ રહેતા હતા. અદાના જોગે કરીને યોગીબાપાના દર્શન થયાં. તારદેવના સંબંધમાં આવ્યા. પપ્પાજી, કાકાજી, બા, જ્યોતિબેનનાં દર્શન થતાં તેમનો ચૈતન્ય



ભેદાઈ ગયો. દ્રષ્ટા રૂપે પપ્પાજી બિરાજીત થયા. ગુરુસ્વરૂપે જ્યોતિબેને સ્થાન લીધું. વાસંતીબેન અને તન્ના સાહેબ જીવનના છેલ્લા શ્વાસ સુધી પપ્પાજી અને જ્યોતિબેનના વચને સવિબેનનો અંતરથી સમાગમ કરી અને તેમના વચન પ્રમાણે જીવન જીવ્યા. પૂજ્ય સવિબેને સંતરૂપે રહી પપ્પાજી મહારાજ અને જ્યોતિબેનનું ખૂબ ખૂબ માહાત્મ્ય ગાયું તેથી તેઓના જીવનમાં દિન પ્રતિદિન સમર્પણભાવ, દિવ્યભાવ, નિર્દોષભાવ દ્રઢ થતો ગયો. તન, મન, ધનની ઘણી પરીક્ષાઓ આવી છતાં દ્રઢ આશરો પકડી રાખીને, થાય તે સેવા ભજન કર્યા કરતા. તેમનું ઘર એટલે ગુણાતીત સમાજનું ઘર. જ્યાં બધા જ આવીને પોતાપણાનો ભાવ અનુભવી શકતાં. માહાત્મ્યથી સૌની સેવા સર્વદેશીયતાથી જીવનપર્યંત તન્ના સાહેબ અને વાસંતીબેને કર્યા કરી છે. પરિણામ સ્વરૂપે તેઓના ઘર અને દેહ મંદિર બની ગયાં. છતીંદેહે અક્ષરધામના સુખ, શાંતિ ને આનંદના ભોક્તા ને દાતા બન્યા.

ગુરુહરિ પપ્પાજી મહારાજ પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.સવીબેન તથા સર્વે સદગુરુ સ્વરૂપોનો અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. ગુણાતીત જ્યોત સમાજના સર્વે ગૃહસ્થ સમાજ માટે એક દીવાદાંડી સમાન આદર્શ જીવન જીવી ગયા એવા તન્ના સાહેબને કોટિ કોટિ વંદન કરીએ છીએ.

સત્સંગનો એ જ વારસો પુત્ર ગુણાતીત પ્રકાશના પૂ.પીયૂષભાઈ અને પુત્રવધુ પૂ.રૂપાબેનને તેમજ પૌત્ર પૂ.અરિનભાઈને આપ્યો. તેઓ પણ નિર્દોષભાવેયુક્ત ગુણાતીત જ્યોત અને ગુણાતીત સમાજની અહોહોભાવે સેવા કરી રહ્યાં છે.

આવું આધ્યાત્મિક જીવન જીવનાર પૂ.તન્નાસાહેબને જન્મોજન્મ પ્રભુ પોતાના ચરણોમાં સ્થાન આપે અને કુટુંબીજનોને આ આઘાત ઝીલવાનું ખૂબ બળ આપે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.સવિબેન તથા સર્વે સ્વરૂપોને પ્રાર્થના.

## Report on Awareness Programme & workshop on Bioenzymes, Adipur, Kutch

Shree Gunatit Jyot Mahila trust, Vallabh Vidyanagar, conducted Awareness Programme and workshop on Bioenzymes, on Thursday, 8th January, 2026 from 4.00 p.m. to 6.00 p.m. @ Adipur, Kutch.

It was commenced with prayers & pujan to Shri Thakorji and Guruhari Pappaji Maharaj. Dr. Menka Shah gave overview of the Bioenzymes and Ms. Pritiben Desai conducted the workshop on it.

An awareness program and workshop on bioenzymes in Adipur, Kutch, likely focused to create natural cleaning/fertilizing agents from kitchen waste, promoting eco-friendly living, reducing chemical pollution, and fostering community engagement in sustainability, aligning with national trends for green initiatives like those seen with the Bioenzyme Entrepreneurs Academy and various NGOs promoting waste reduction and healthy lifestyles.

Workshops typically followed a structured format to ensure participants can immediately implement the practices at home:

★ Educational Foundation: Participants are educated on the concept of bioenzymes—fermented solutions made from organic waste (fruit peels), jaggery, and water—and their environmental benefits over chemical cleaners.

★ Step-by-Step Demonstration: Hands-on sessions demonstrate the precise ratios (typically 3:1:10 of citrus peels, jaggery, and water) and the fermentation timeline, which usually takes three months to complete.

★ Multi-Purpose Applications: Training covers diverse uses, including:

- Household Cleaning: Natural floor cleaners, toilet cleaners, and kitchen degreasers.
- Agriculture: Use as natural fertilizers and soil health enhancers.
- Water Treatment: Application in restoring local water bodies, a key focus for larger-scale regional initiatives.

Objectives & Expected Outcomes

★ Waste Management: Empowering households to convert kitchen waste into high-value products, moving toward a zero-waste lifestyle.

★ Toxin Reduction: Decreasing the dependency on chemical detergents that harm human health and local water ecosystems.

★ Entrepreneurship: Inspiring participants to explore bioenzyme production as a sustainable business opportunity.

48 females participated in this programme. Each of the participant was given 200 ml of cleaning solution ( Citrus Bioenzyme ) ), writing pad, ball pen as an incentive

All the participants were very thankful to Shree Gunatit Mahila trust Vallabh Vidyanagar for supporting and conducting this awareness programme on Bioenzymes. The experience was immensely beneficial and had broadened their perspective in this new immerging field.

### ‘સર્વોદય કન્યા છાત્રાલય’ની છાત્રાઓ જ્યોત દર્શને...

તા.૧૧.૧.૨૦૨૬, રવિવારે સર્વોદય કન્યા છાત્રાલય – પાલનપુર કે જે અનુસૂચિત જાતિનું કન્યા છાત્રાલય છે. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ ખાતાની ગ્રાન્ટ ઉપર ચાલે છે.

છાત્રાલયના ગૃહમાતા પૂ.નિલ્પાબેન શર્મા અને પૂર્વ ગૃહમાતા પૂ.ભારતીબેન ભાસ્કરની રાહબરી નીચે લગભગ ૯૦ છાત્રાઓ આવી હતી. ‘પ્રભુકૃપા તીર્થધામ’ના અને ગુણાતીત જ્યોત મંદિરના દર્શન કર્યા બાદ મંદિરમાં સભા કરી.


પ.પૂ.હંસાદીદીએ આશીર્દાન દેતાં કહ્યું કે દીકરી તરીકે આપણા શીલની આપણે જાળવણી કરવી. ભગવાનને હંમેશા આગળ રાખીને દરેક કાર્ય કરવા.

પ.પૂ.દીદીની આજ્ઞાથી હંમેશ ગવાતી પ્રાર્થના ‘હે પ્રભુ! તું મને વરદાન દઈ દે...’ અને ‘અસત્યો માંહેથી...’ તેઓએ સમૂહમાં સરસ રીતે ગાઈ સંભળાવી. દીદીના હસ્તે તેઓ પ્રસાદ લઈ બપોરનું ભોજન કરી તેઓ વિદાય થયા.

નામ રટો સ્વામિનારાયણ સ્વામી (૨)
પ્રત્યક્ષ સ્વરૂપ જેને માનો તેને રટો તમે ધારી ધારી...
નામ રટો સ્વામિનારાયણ સ્વામી...(૨)
હરતાં ફરતાં કે ક્રિયાઓ કરતાં, નજર રાખો એના ભણી...
નામ રટો...(૨)



કાળ, કર્મ, માયા જાશે ઉડી,
એમાં દિવ્ય શક્તિ ભરેલી (૨)
સહુનું ધારેલું પાર પડે એનાથી,
એમાં ધીરજ ધરવાની રહી (૨)
મનનાં રોગો કે દેહના રોગો કે,
દેશકાળ હોય તે દે ટાળી...
નામ રટો...



સ્વામીશ્રીજી
૧૫/૭/૭૮
જે કામ ભજન કરે
તે
કોઈ જ ન કરે
માટે
કંઈપણ તીવ્ર કામ
કરાવવું હોય
અરે અશક્ય શક્ય બનાવવું
હોય તોય
ભજન કરીએ તો થાય જ
પપ્પા

ફેબ્રુઆરી-૨૦૨૬ની આજ્ઞા...
**શાશ્વત પપ્પાજીની પ્રેરણા**

## સંત ભગવંત સાહેબદાદાને માનદ ડૉક્ટરેટની પદવી એનાયત



34 / 68 / 2025

**Sardar Patel University**

NAAC Accredited with Grade 'A' (10-01-2023 to 09-01-2028)
(Established under Bombay Act No. XL of 1955 and adapted and modified by the Gujarat Adaptation of Laws (State and Concurrent Subjects) order of 1960.)

Upon the Nomination of the Board of Management has conferred upon

*Shri Jashbhai Shankarbhai Patel*

*the Degree of*

**Doctor of Letters**
(Honoris Causa)

*Given under the Seal of the University at Vallabh Vidyanagar in the State of Gujarat on this Fifteenth day of December in the year Two Thousand Twenty Five*

Chancellor

શ્રી યોગીજી મહારાજ, શ્રી પપ્પાજી મહારાજ, શ્રી કાકાજી મહારાજના લાડીલા કૃપાપાત્ર ગુણાતીત સ્વરૂપ પ.પૂ.સાહેબદાદાને પ્રણામ સહ જય સ્વામિનારાયણ.

સંત ભગવંત સાહેબદાદાને તેઓના નિ:સ્વાર્થ પરમાર્થી સેવાકાર્યો બદલ વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ૧૫મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ 'ડૉક્ટર ઑફ લેટર્સ'ની માનદ પદવી અર્પણ કરવામાં આવી. તે આપણા સૌ માટે આનંદ ને ગૌરવની વાત છે.

સંબંધમાં આવનાર ચૈતન્યોમાં બ્રહ્મવિદ્યાનું સંવર્ધન કર્યું છે એવા સંત ભગવંત સાહેબદાદાને પ.પૂ.દીદી, સ્વરૂપો તથા સાધક બહેનો, ગુણાતીત પ્રકાશના ભાઈઓ તેમજ સંતો ને ગૃહસ્થોના કોટિ કોટિ વંદન.

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



પાલનપુર : 'સર્વોદય કન્યા છાત્રાલય'ની છાત્રાઓ જ્યોત દર્શને...




Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India